
# અધ્યાત્મ




વર્ષ : ૨૩ જાન્યુઆરી : ૨૦૦૨ અંક : ૪

## * પ્રાર્થના *

આપણા અંતરના અંતરતમમાં વિરાજમાન દેવોના દેવ, સર્વ વ્યાપક, સર્વભૂતાંતરાત્મા પરમાત્માના પરમ મંગલ મંદિરને ઊઘાડવાને માટે આપણે પ્રાર્થના કરીએ છીએ. સાધકમાં શિશુ જેવી સરળતા, નિષ્કપટતા, નિખાલસતા ના આવે અને સાધક શિશુસમાન રાગદ્વેષરહિત, શુદ્ધ, ભોળો ના બને, જીવનને પરમાત્માના પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત કરીને એમના અલૌકિક અનુગ્રહને અનુભવવા આતુર ના બને ત્યાં સુધી ગમે તેવા ને ગમે તેટલાં સાધનો કરવામાં આવે તો પણ પરમાત્માનો સુખદ સાક્ષાત્કાર નથી સાધતો. સાધકે સદ્‌વિચાર, સદ્‌ભાવ, સદાચારની અધિક અથવા અલ્પ ભૂમિકાનું નિર્માણ કરવું જ રહે છે. કાંઈ નહીં તો એવા પ્રયત્નોનો આરંભ તો કરવો જ રહે છે. પ્રાર્થના એવા પ્રયત્નોમાં, પ્રયત્નોના એવા પવિત્ર પ્રસન્નતા પ્રદાયક પ્રારંભમાં, મદદ કરે છે. પ્રાર્થના કોઈ સંગીતશાસ્ત્રવિશારદ ઉસ્તાદની શાસ્ત્રીય રાગ–રાગિણી નથી. પ્રાર્થના કેવળ સૂરિલો રાગ નથી. પ્રાર્થના એટલે વિચારો અને ભાવોનું પરમાત્મા પ્રત્યે પ્રવાહીકરણ. અણુપરમાણુનું પવિત્ર પ્રેમપૂર્ણ પ્રસ્ફુટીકરણ. એ કોઈ લૌકિક માંગણી નથી, પરંતુ પોતાના હૃદયને પરમાત્મા પ્રત્યે વહેતું કરવાની પ્રશાંત પ્રસન્ન પ્રક્રિયા છે. જીવ તથા શિવને સાધનારો સેતુ છે. આત્મા અને પરમાત્માના સંમિલનની સરળ, સચોટ સીધી સાધના છે. આપણે આપણા બંધ બારી–બારણાંને ઉઘાડવાનાં છે. જ્યાંથી સમસ્ત ચૈતન્ય વહે છે એ મંગલ મૂળાધાર પ્રત્યે અંતરને અભિમુખ બનાવીને પ્રવાહિત કરવાનું છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૫૧૬૫૫૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય શુભસંકલ્પ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| નંદમહોત્સવ | કલ્યાણ | ૧૧ |
| આધ્યાત્મિક ભીડનું આશ્રયસ્થાન શ્રીમદ્ રાજચંદ્રજી | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| પૂ. શ્રીના જીવનનું જીવંતદર્શન શ્રી યોગતીર્થ | નારાયણ હ. જાની | ૨૬ |
| માંડૂક્ય ઉપનિષદ્ (૧) | મહાત્મા યોગેશ્વરજી | ૩૩ |
| Personal Obgervations of Maa During Youth Sadhans Shibir | Shipra Amin | ૩૮ |
| સાધના શિબિરમાં પ. પૂ. માની ક્રિયાઓનું નિરીક્ષણ | તંત્રી | ૪૩ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી | એક સાધક | ૪૭ |
| ટોરન્ટો યુવા ધ્યાનકેન્દ્ર-કેનેડા | તંત્રી | ૫૦ |
| અંબાજી સ્વર્ગારોહણમાં સર્વરોગ નિદાનકેમ્પ | તંત્રી | ૫૩ |
| પુસ્તક અવલોકન | યશસ્વીભાઈ મહેતા | ૫૪ |
| પ. પૂ. સ્વામી શ્રી કૃષ્ણપ્રેમની ગુરુભક્તિ | ડૉ. હિમાંશુ પાઠક | ૫૫ |
| અધ્યાત્મનો અર્ક | ડૉ. બી. જે. જાગાણી | ૩૮ |


# * અભિનંદનીય શુભસંકલ્પ *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન-[એડમન્ટન-કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન-[ટોરન્ટો-કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન-[ટોરન્ટો-કેનેડા]

કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો. અધ્યાત્મમાસિકનો જાન્યુઆરી ૨૦૦૨ ના અંક-નો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું. પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા-પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.

* * *

હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.

અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઇમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિ-નંદનના અધિકારી છો.

આભાર-અભિનંદન-આશીર્વાદ પ્રભુના.

— મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ જાન્યુઆરી–૨૦૦૨ અંક : ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૧/૯/૮૧ મંગળવાર, ભાદરવા સુદ ત્રીજ, ૨૦૩૭

સ્થળ : ગુજરાત હિન્દુ સોસાયટી કલ્ચર સેન્ટર–

પ્રેસ્ટન શહેર–ઇંગ્લેન્ડ.

પ્રેસ્ટનમાં આજે પ્રવચનનો ત્રીજો દિવસ છે. પ્રભુની કૃપાથી નવાં નવાં શહેરો નવા નવા પરિચયો છતાં બધે જ આદર ને પ્રેમભાવ મળે છે.

પૂ. શ્રીનો સવારનો બધો જ ક્રમ નિયમિત ચાલે છે. પૂ. શ્રી આજકાલ પૂ. માતાજીને યાદ કરતાં કહે છે : માતાજી સવાર, બપોર, સાંજ દૂધ લેતાં તો તેમનું શરીર સારું રહેતું. તમે પણ દૂધ જ પીઓ. ભાવે કે ન ભાવે તોપણ પીઓ તો શરીર સારું રહે. દેવપ્રયાગમાં એકાંતમાં રહેવાની ટેવ એટલે માતાજીને અહીં પણ



કંટાળો ન આવતો. બેસી રહે. સૂઇ જાય. મનમાં કોઇ ચિંતા જ નહીં. મારી સાથે રહેવાથી શાંતિ મળી જતી.

માતાજીનું સુખદ સ્મરણ એ રીતે પૂ. શ્રી ઘણીવાર કરે જ છે. પ્રવચનોમાં પણ માતાજીના પ્રસંગો આવે જ.

પ્રેસ્ટન મંદિર ગુજરાતી શાળા પણ દર શનિરવિ ચલાવે છે. બે ધોરણો છે. નાના મોટા બાળકો ગુજરાતીનું જ્ઞાન મેળવે. મંદિર સમાજ દીપીકાનામનું એક હસ્તલિખીત માસિક પણ બહાર પાડે છે.

શ્રી છોટાભાઇ અહીંના મુખ્ય સંચાલક છે તો નેશનલ કાઉન્સીલ ઓફ હિન્દુટેમ્પલ યુ. કે.ના સક્રિય કાર્યકર્તા પણ છે. એમણે તે સંસ્થાને લખીને આપ્યું હતું કે ભારતમાંથી સારા સંતોને જ બોલાવવા જરૂરી છે. તેમાં તેમણે પૂ. શ્રીનું નામ પણ આપ્યું હતું.

અહીં અંગ્રેજ વિદ્યાર્થીઓ હિન્દુધર્મ વિષય પણ રાખે છે. તેવા વિદ્યાર્થીઓ વારંવાર હિન્દુમંદિરની મુલાકાત લે છે. અને અનેક જાતના પ્રશ્નો પૂછે છે જેમ કે કૃષ્ણની રાસલીલાના, દેવ-દેવીઓના વધુ હાથ શા માટે? શંકરના ગળે સાપ કેમ? કાચબો ને નંદી શા માટે?

આ બધા પ્રશ્નો વારંવાર પૂછાય છે જેથી નેશનલ કાઉન્સીલે એક પુસ્તક બહાર પાડવાનો નિર્ણય કર્યો જેમાં એ બધા જ પ્રશ્નોના જવાબો આવી જાય. એ પ્રશ્નોત્તર પૂ. શ્રી જુએ ને એનો અંગ્રેજી અનુવાદ પણ પૂ. શ્રી કરી આપે એવો પ્રસ્તાવ શ્રી છોટાભાઇએ મૂક્યો. પૂ. શ્રીને તે પ્રશ્નોત્તરનું સાહિત્ય આપવામાં આવ્યું હતું.

આ ઉતારો સંતમહાત્મા માટે જ મંદિરે ખરીદ્યો છે. આખાયે મકાનને કારપેટથી સજ્જ કરેલું છે. સંતમહાત્મા માટે ટી. વી.ની પણ સગવડ. ભાઇબેનો ખૂબ ભાવિક છે. એટલે દૂધ, ફળો પણ પુષ્કળ પ્રમાણમાં ઉતારા ઉપર આવે છે. સંતમહાત્માઓની સેવાનો ભાવ જોવા મળે છે.

આજે મુલાકાતમાં ત્રણચાર ભાઇઓ આવે છે. તેમની સાથે ભાથીખત્રીના સ્થાનના શ્રી મોતીભાઇની વાતો થાય છે. શ્રી રમેશભાઇ આજે દાળ, ભાત, શાક, શીરો બનાવે છે. ભોજન પૂ. શ્રી ને સર્વેશ્વરી સાથે રમેશભાઇએ પણ લીધું.

ભોજનબાદ મંદિરની પ્રવૃત્તિ ને પ્રશ્નોની થોડી વાતો થાય છે. શ્રી રમેશભાઇ પૂ. શ્રીને ગુરુ માની ભક્તિભાવ રાખે છે. તેઓ-ની વિદાય પછી પૂ. શ્રી થોડો આરામ કરે છે. સર્વેશ્વરી ડાયરીનોંધ કરે છે.

સાંજની મુલાકાતમાં એક ભાઇ શાંતિપાઠનો અર્થ સમજવા માગે છે. પૂ. શ્રીએ તેમને પ્રવચનમાં જણાવીશું એમ કહ્યું. તે ભાઇને ગીતા ને વેદનો અભ્યાસ પૂ. શ્રી પાસે કરવો છે જેથી તેઓ દરરોજના પાંચ કલાક માંગે છે.

પૂ. શ્રીએ કહ્યું : આ જન્મે તો પાંચ કલાક મારાથી આપી શકાય તેમ નથી. હું પણ આખો દિવસ રોકાયેલો હોઉં છું. પણ દરરોજ એક કલાક મુલાકાતમાં આવો એટલે પાંચ દિવસના પાંચ કલાક તમને મળી જશે.

તે ભાઇ : તમારા જેવા કથાકારો જ અમને સારી રીતે સમજાવી શકે તેથી તમને હું કહું છું.



પૂ. શ્રી : જુઓ, અમારામાં ને કથાકારોમાં ઘણો ફેર છે તે સમજી લો. કથાકાર સંસારી છે. નાનપણથી જ તે કથાનો ધંધો કરે છે. મોટે ભાગે પરણીત જીવનવાળા, સંતાનોવાળા તેઓ હોય છે. તેઓએ ખાસ સાધના કરી હોતી નથી.

જ્યારે અમે બાળબ્રહ્મચારી, વરસોસુધી તપ કર્યું. હિમાલયમાં રહી સમાધિસુધીની અવસ્થા મેળવી. એટલે સંત કે મહાત્મા કહેવાઇએ, સમજ્યા! કથાકાર કોઇ પણ થઇ શકે. સંતમહાત્મા થવું અઘરું છે.

તે ભાઇએ પોતાની ટૂંકી સમજ અંગે દિલગીરી વ્યક્ત કરી વિદાય થયા.

શ્રી છોટાભાઇની સ્વેટરની એક ફેક્ટરી છે. તેને નવા મકાનમાં ખસેડવા પૂ. શ્રીના આશીર્વાદ માંગે છે ને પૂ. શ્રી તે નવા મકાનમાં પધારે એવી વિનંતિ કરે છે. પૂ. શ્રીની ખાસ ઇચ્છા ન હોવા છતાં ત્યાં જવાનું બને છે. પૂ. શ્રી ને સર્વેશ્વરી પાસે ત્યાં ફૂલો મૂકાવે છે. પૂ. શ્રીના આશીર્વાદથી છોટાભાઇની શ્રદ્ધા બળવત્તર બની.

શ્રી છોટાભાઇએ પૂ. શ્રી પાસે મંત્ર લીધો. એમને સંતાનમાં એક દીકરી જ છે. તેને તેઓ મીરા બનાવવા ઇચ્છે છે. સંતોની સેવા કરે એવું પણ ઇચ્છે છે.

શ્રી છોટાભાઇ પૂ. શ્રીની અને સર્વેશ્વરીની ન્યુયોર્ક–ટોરન્ટો ને ટોરન્ટો–ન્યુયોર્કની ટિકિટ જે ૧૪૦ પાઉન્ડની થાય છે તે આપવા માંગે છે. પૂ. શ્રી ના પાડે છે, છતાં તેમનો ટિકિટ આપવાનો આગ્રહ ચાલુ જ રહ્યો છે. મુંબઇથી લંડનની રીટર્ન ટિકિટના ૩૪૦ પાઉન્ડ થયા છે. ટિકિટના ભાવો વધ્યા છે.

આજે ગીતાના એક જ શ્લોક ઉપર જ આખું પ્રવચન પૂ. શ્રીએ આપ્યું.

પ્રવચન બાદ શ્રી છોટાભાઇને ત્યાં જવાનું બન્યું. ઉતારાની સામે જ તેમનું ઘર છે. ત્યાં દૂધ ને ફળ લીધાં. પછી ઉતારા ઉપર આવી આરામ.

**તા. ૨/૯/૮૧ બુધવાર, ભાદરવા સુદ ચોથ, ૨૦૩૭**
**સ્થળ : ગુજરાત હિન્દુ સોસાયટી કલ્ચર સેન્ટર–**
**પ્રેસ્ટન શહેર–ઈંગ્લેન્ડ.**

ઉતારો જ્યાં છે ત્યાંની શેરી પણ દરેક શહેર જેવી જ. એકસરખાં મકાનોવાળી, સ્વચ્છ ને શાંત.

ઉતારાની પાછળ ઘાસનું મેદાન છે. જેમાં બાળકો રમે છે. છતાં ખૂબ શાંતિ છે. આકાશમાં પક્ષીઓ ખાસ જોવા મળતાં નથી. એકાદ ચકલી કે મોટું સફેદ પક્ષી જોવા મળે. લોકો પીળારંગના પક્ષીને ઘરમાં પોપટ તરીકે પાળે છે.

પૂ. શ્રી પોતાનો નિત્યક્રમ સમયસર પૂરો કરી દે છે. ઠંડાપ્રદેશમાં સ્ફૂર્તિ સારી રહે છે. રાત્રે સૂવાનું મોડું થાય છે. તોપણ શરીર થાક અનુભવતું નથી.

મોટે ભાગે લોકો અહીં સાંજે જ સ્નાન કરે છે. અંગ્રેજો અઠવાડિયે એકવાર સ્નાન કરે છે.

ઘડિયાળને કાંટે પૂ. શ્રી પોતાના બધાં કામો કરી સાડા અગિયાર વાગ્યે મુલાકાત માટે નીચે પધારે છે.

સૌ પ્રથમ રમેશભાઇ આવે છે. પ્રેમથી પ્રણામ કરે છે. થોડી વાતો કરે છે. બોલ્ટનશહેર નજીક છે. ત્યાંથી શ્રી ભારતી મળવા આવે છે. સ્વામી નારાયણ સંપ્રદાયની વાતો થાય છે.



આજે મગ, ભાત, શાકનું ભોજન લેવાનું બને છે. ભોજનબાદ આરામ. થોડું સાંજે લેખન થાય છે.

સાંજની મુલાકાતમાં એક પૂજારી ભાઇ મળવા આવે છે. તેઓ ઘણા પ્રશ્નો પૂછે છે.

પ્રશ્ન : ૧. શંકરાચાર્ય કેટલા છે? ને કયા કયા?

૨. ગાયત્રીમંત્ર સ્ત્રીથી ન જપી શકાય?

૩. મંત્રઅનુષ્ઠાન પછી હવન, તર્પણ કરવાં કે નહીં?

૪. શૂદ્ર કોને ગણી શકાય?

૫. ગાયત્રીમંત્ર કોણ કોણ જપી શકે?

૬. હમણાં શરૂ થયેલા ગીતાયજ્ઞો શાસ્ત્રોક્ત છે?

પૂ. શ્રી આ બધા પ્રશ્નોના સંતોષકારક રીતે જવાબો આપે છે. બીજા ભાઇ પૂ. શ્રીનું યોગદર્શન પુસ્તક લઇને આવે છે તેમાં પૂ. શ્રીના હસ્તાક્ષર માંગે છે. પૂ. શ્રીનાં ઘણાં પુસ્તકો એમની પાસે છે. તેમણે પૂછ્યું. હિમાલયમાં સંતો રહે છે તે વનસ્પતિથી સમાધિ ને ખોરાક મેળવે છે તે સાચી વાત છે. આપને એવા કોઇ સંતો મળ્યા છે?

પૂ. શ્રીએ તેમને પ્રકાશના પંથે વાંચી જવા જણાવ્યું.

વળી આજે ધ્યાનકેન્દ્રો, સ્વાધ્યાયકેન્દ્રો, સ્વામીનારાયણ સંપ્રદાયની વાતો પણ થઇ.

ભક્તિયોગ ઉપર પૂ. શ્રીનું સમયસર પ્રવચન થયું. પ્રવચન પછી આરતી થાય. પછી અસત્યો માંહેથી એ પ્રાર્થના ને બે ભજનો ગવાય. પછી જયકાર બોલાવી સૌ ઊભા થાય. કેટલાક વળી પ્રણામ કરવા આવે. કેટલાક વળી મંદિરને પ્રણામ કરી વિદાય થાય.

મંદિરમાં મૂર્તિઓ જીવંત લાગે છે. ભગવાન શંકરના લીંગ ઉપર જે મૂર્તિ છે તેનું હાસ્ય મધુર છે. શ્રીકૃષ્ણનું હાસ્ય મોહક છે. મંદિરનો હોલ વિવિધ તસ્વીરોથી શણગારેલો છે. સાંઇબાબા, શ્રીરામ, ગાયત્રી, હનુમાનજી વગેરેની મોટી તસ્વીરો જોવા મળે છે. સર્વ સંપ્રદાયના પ્રતીકો છે. વાતાવરણ સરસ લાગે છે.

(ક્રમશઃ)

हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः ।
अनिच्छयापि संस्पृष्टो दहत्येव हि पावकः ॥

જેમ અગ્નિને અનિચ્છાયે સ્પર્શ કર્યો હોય તોપણ તે બાળે જ છે, તેમ શ્રીહરિ દુષ્ટચિત્તથી સ્મરણ કરનારાના પાપોનો નાશ કરે છે. ભાગવત સ્કંધ ૬, અધ્યાય ૨.

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



# નંદમહોત્સવ

કલ્યાણ

શ્રીકૃષ્ણપ્રભુનું પ્રાગટ્ય પર્વ એટલે નંદમહોત્સવ. ગોકુલમાં ઉજવાયેલો નંદમહોત્સવ આજે પણ અદકેરા ભાવથી ઉજવાઇ રહ્યો છે.

૧૫, ઓગસ્ટ–૦૧ ના રોજ પૂ. શ્રી માએ સ્વર્ગારોહણતીર્થમાં પાંચ દિવસના પ્રાગટ્યપર્વનો ભવ્ય મહોત્સવ ઉજવ્યો. આ મહોત્સવ માણવા જે જીવો સદ્‌ભાગી થયા, તેઓએ અનુભવ્યું કે ગોકુલમાં ઉજવાયેલો નંદમહોત્સવ આજે પણ ઉજવાઇ રહ્યો છે.

સ્વર્ગારોહણતીર્થમાં પૂ. શ્રી માના સાન્નિધ્યમાં મહોત્સવોનો પ્રયાગરાજ સર્જાયો હતો! એક તો શ્રીકૃષ્ણપ્રભુનો જન્માષ્ટમીનો મહોત્સવ, બીજો શ્રી યોગેશ્વરપ્રભુનો પંદરમી ઓગસ્ટનો પ્રાગટ્ય મહોત્સવ. ત્રીજો ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુની પાવન સ્મૃતિમાં પૂ. શ્રી માએ અદ્‌ભુત રીતે સજાવેલા, શણગારેલાં પૂ. શ્રીનાં અનેક સ્વરૂપોનો યોગતીર્થમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અને રાષ્ટ્રિય સ્વાતંત્ર્યપર્વ ૧૫, ઓગસ્ટનો મહોત્સવ.

પ્રગટ પરમશક્તિ પૂ. શ્રી મા જેવાં અવતારી પરમપુરુષો આ પૃથ્વીપર અવતાર ધારણ કરે છે ત્યારે તેમનું પરમ સાન્નિધ્ય જ પર્વોત્સવ બની જાય છે. પૂ. શ્રી માના પરમ સાન્નિધ્યને લીધે જ આ પર્વોત્સવ દિવ્ય અને ભવ્ય બની રહ્યો. બાળકો માટે તો આ મહોત્સવ પૂ. શ્રી માના દિવ્યદર્શનનો મહોત્સવ હતો. ગુરુભક્તિના સાકારસ્વરૂપ જેવાં પૂ. શ્રી માને આ પર્વોના દિવસોમાં મુક્તપણે

વિહરતાં માણવાનો એ અદ્‌ભુત લ્હાવો હતો. પૂ. શ્રી માની ચાલમાં, મુખારવિંદના ભાવોમાં, લીલાવિગ્રહના વિવિધ લટકાંઓમાં ગુરુભક્તિનો મહાસાગર ઉછળતો હતો! પૂ. શ્રી માના પ્રાણમાં શ્રી યોગેશ્વરપ્રભુ કેવા પ્રગટ્યા છે તેનું એ માતૃસ્વરૂપમાં વિરલ દર્શન થતું હતું. ગુરુભક્તિની લીનતામાં રાતદિવસ એક થઇ ગયાં હતાં. શ્રી યોગેશ્વરપ્રભુ જ રાતદિવસ એકમાત્ર કામનો વિષય હતા. પૂ. શ્રી માનું નિવાસસ્થાન, કાર્યાલય, કુટિયા, યોગશૈવલ્યમ્, યોગતીર્થ, બાળકો, બાળકોનાં નિવાસસ્થાનો બધું જ પ્રભુમય હતું! અરે, સમગ્ર સ્વર્ગારોહણતીર્થના કણેકણમાં શ્રી યોગેશ્વરપ્રભુ પ્રકટયા હતા! 'ૐ નમો ભગવતે યોગેશ્વરાય'ના મંત્રધ્વનિથી સ્વર્ગારોહણનું આકાશ આ મહોત્સવના દિવસોમાં ગૂંજતું રહ્યું.

પૂ. શ્રી માએ સૌ બાળકોમાં માતૃવાત્સલ્યના પરમ સ્પર્શથી પ્રભુપ્રેમ પ્રગટાવ્યો છે, અને જ્યારે જીવોમાં પ્રભુપ્રેમ પ્રગટી જાય છે ત્યારે ત્યારે આવો દિવ્ય, ભવ્ય, મહોત્સવ સહજ સાકાર બની જાય છે. આ મહોત્સવમાં પણ નંદમહોત્સવની દિવ્ય છટા પ્રગટ થઇ હતી. નંદમહોત્સવના દિવ્યપ્રેમના ગીતથી આ દિવસોમાં સ્વર્ગારોહણ ગૂંજી ઊઠયું હતું.

શ્રી યોગેશ્વરપ્રભુ એ દિવ્યપ્રેમના મહોત્સવની પૂર્વસ્મૃતિને વાગોળતા ભાવો પ્રગટ કરતાં લખે છેઃ–

અતીતકાળથી ગાયેલું દિવ્યપ્રેમનું ગીત,  
વિવિધ વેશમાં, વિવિધ સ્થળોમાં, પાઇને નવનીત.  
ઉત્તરદક્ષિણ પૂર્વપશ્ચિમ હતી આપણી પ્રભા!  
જગતકાજ જન્મ્યાં, જીવ્યાં, અંતે થયા વિલીન,  
સંસ્કૃતિ કેરા ઉષઃકાળથી બજાવી બીન,



કેવો રસ, કેવી ક્રીડા ને કેવી દિવ્ય છટા!  
આપણે આ સ્થળમાં પણ હતાં.

સંસ્કૃતિના ઉષઃકાળથી બજાવેલું દિવ્યપ્રેમનું બીન આજે પણ પૂ. શ્રી માએ ઉજવેલા સ્વર્ગારોહણતીર્થના મહોત્સવમાં સંભળાઇ રહ્યું છે. દિવ્યપ્રેમની એવી જ છટાનું દર્શન પૂ. શ્રી માના બાળકોમાં માણી શકાતું હતું. હૈયામાં જ્યારે પ્રભુપ્રેમ પ્રગટે છે ત્યારે કેવી રસની રેલમછેલ વહે છે, હેતની કેવી હેલી વરસે છે, તેનું અલૌકિક દર્શન આ મહોત્સવમાં હતું!

યુગે યુગે પરમશક્તિ લીલાવિગ્રહ ધારણ કરીને આ પૃથ્વીપર પ્રગટતાં રહ્યાં છે. પરમપુરુષ યોગેશ્વરપ્રભુના પરમ સ્વરૂપમાં પણ એ જ પરમશક્તિની પરમલીલા હતી. સમગ્ર ભારત અને વિદેશમાં પણ લીલાવિચરણ કરીને તેમણે પ્રભુપ્રેમનું દિવ્યસંગીત સંભળાવ્યું. ગુર્જરભૂમિને તેમની પ્રાકટયલીલાનું સૌભાગ્ય મળ્યું. લીલાસંવરણ પહેલાં સ્વર્ગારોહણની ભૂમિને પોતાની પદરજથી પાવન કરીને તેને તીર્થભૂમિનું સૌભાગ્ય આપ્યું. કાળના ગર્ભમાં એ દિવ્ય પરમપુરુષે દિવ્યપ્રેમનું બીજારોપણ કર્યું અને પૂ. શ્રી માએ પોતાનું પ્રેમામૃત સીંચીને સ્વર્ગારોહણના સ્વરૂપમાં તેને પ્રગટ કર્યું.

આજે સ્વર્ગારોહણ બીજું કશું જ નથી, પરંતુ પૂ. શ્રી માના પોતાના ગુરુહરિ પ્રત્યેના એ જ દિવ્યપ્રેમનું પ્રતીક બનીને દિવ્યપ્રેમનું ગીત એ જ ભવ્ય છટાથી ગાઇ રહ્યું છે. સ્વર્ગારોહણ એટલે એના કણેકણમાં પ્રસરેલા પૂ. શ્રી માના ગુરુહરિપ્રત્યેના દિવ્યપ્રેમનું સાકાર સ્વરૂપ. પૂ. શ્રી માના ગુરુપ્રેમની ભવ્ય પુરુષાર્થકથા સ્વર્ગારોહણતીર્થના રૂપમાં પ્રગટ થઇ છે, એમ કહીએ તો તે જરાય અતિશયોક્તિ નથી.

સતતપાંચ દિવસસુધી ઉજવાયેલા એ મહોત્સવોમાં પૂ. શ્રી મા અને બાળકોના હૃદયમાંથી પ્રકટેલાં ઉમંગનાં વધામણાં કેવી રીતે વર્ણવવાં તે માટે શબ્દો પાસે સામર્થ્ય નથી. સ્વર્ગારોહણતીર્થમાં પ્રભુપ્રેમના પાગલપનનું અનુપમ દર્શન પાંચ દિવસસુધી માણવા-નો અવસર સૌ બાળકોએ મનભરીને માણ્યો. આ ઉત્સવ પરમોત્સવ બની રહ્યો તેનું કારણ પૂ. શ્રી માના પ્રગટ સ્વરૂપનું સતત દર્શન અને સાન્નિધ્ય હતું.

બીજી રીતે, આ પાંચ દિવસનો ઉત્સવ એ પૂ. શ્રી માની અપૂર્વ ગુરુભક્તિનું લીલાદર્શન હતું. પૂ. શ્રી માના હૃદયમાં ઉમટતી ગુરુભક્તિનું એ પ્રકટ દર્શન હતું. એ ગુરુભક્તિમાંથી સ્વર્ગા-રોહણની જેમ યોગતીર્થનું સર્જન થયું છે. યોગતીર્થનું સર્જન એ પૂ. શ્રી માએ લખેલો ગુરુભક્તિનો ઇતિહાસ છે. એ અમર ઇતિ-હાસનું સર્જન કરવા રાતદિવસ અથાગ પુરુષાર્થ કર્યો છે. ઊંઘ, ભૂખ અને તૃષા તો શ્રી ગુરુચરણે ક્યારનાંય અર્પણ થઇ ચૂક્યાં છે. હવે જે સ્થૂળશરીર રહ્યું છે તેને પણ ધૂપસળીની જેમ પ્રભુ માટે જલાવી રહ્યાં છે. યોગતીર્થના નિર્માણ માટે પૂ. શ્રી મા કેટલાય સમયથી મનોમંથન અનુભવી રહ્યાં છે. શ્રી ગુરુહરિનું જીવન-દર્શન કરાવતું શ્રેષ્ઠ સ્મૃતિભવન તૈયાર થાય તે માટે પૂ. શ્રી માના સર્વશ્રેષ્ઠ પ્રયાસો રહ્યા છે.

શ્રી ગુરુહરિના જીવન અને કવન સાથે સંકળાયેલા પાવન સાધનાધામોને પૂ. શ્રી માએ તેના અસલ સ્વરૂપમાં આબેહૂબ પ્રગટ કર્યાં છે. આબેહૂબ એટલે આબેહૂબ. તેમાં નાની એવી ભૂલને પણ અવકાશ નથી. સરોડાના નિવાસસ્થાનની પ્રતિકૃતિ યથાર્થરીતે પ્રગટ કરી છે. કલા, સાદાઇ અને સુંદરતાનો અદ્‌ભુત સમન્વય તેમાં પ્રગટ થયો છે. તેવી જ રીતે દેવપ્રયાગના તપસ્યા-



સ્થાનની કુટિયા તેના અસલ સ્વરૂપમાં નિર્માણ પામી છે. કુટિયાનાં દર્શન કરતાં જ તેની સાથે સંકળાયેલાં જોખમો અને ભયંકરતાનો ખ્યાલ આવે છે. એ કુટિયા તપસ્યાસ્થાનની સાથે સાથે સાપ, વીંછી અને વાંદરાઓનું પણ કાયમી નિવાસ હોય એવું લાગે છે! શાંતા-નદીને પણ તેના નાનકડાં અવિરત પ્રવાહ સાથે સરસ યુક્તિપૂર્વક વહેતી કરી છે. આમ્રવૃક્ષોની ઘટાઓ પણ એવી જ તાદૃશ્ય રજૂ થઇ છે. એવી જ રીતે મસૂરીનું ગાંધીનિવાસ સોસાયટીનું પૂ. શ્રીનું નિવાસસ્થાન મસૂરીથી જાણે અહીં બદલવામાં આવ્યું હોય એવું જ આબેહૂબ લાગે છે. હજુ તો એનું સર્જનકાર્ય ચાલુ જ છે. પૂ. શ્રી માના સ્વપ્ન મુજબ જ્યારે યોગતીર્થ પૂર્ણસ્વરૂપમાં નિખરી ઊઠશે, ત્યારનું દર્શન અનુપમ હશે.

પૂ. શ્રીનાં વિવિધ સ્વરૂપો તૈયાર કરવામાં અને જાળવવામાં પૂ. શ્રી માએ અસાધારણ કાળજી લીધી છે. સ્ટુડિયોમાં સ્વરૂપો તૈયાર કરાવવાથી માંડીનેજ્યાં જ્યાં એ સ્વરૂપોને પ્રસંગોપાત્ત પધરાવવામાં આવ્યાં, ત્યાં ત્યાં એ સ્વરૂપો ચૈતન્યમય હોય તેવા સન્માન સાથે લઇ જવામાં આવ્યાં છે. છેલ્લે યોગતીર્થમાં જ્યાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં ત્યારે પૂ. શ્રી માએ જે ગુરુભક્તિનું અનુપમ દર્શન કરાવ્યું, તે જ આ પાંચ દિવસનો નંદમહોત્સવ! પૂ. શ્રી માના નિવાસસ્થાનથી યોગતીર્થ સુધીની સ્વરૂપો સાથેની સંકીર્તનયાત્રામાં જે હર્ષોલ્લાસ પ્રગટયો તે જ નંદમહોત્સવ. આ સંકીર્તનયાત્રા જ ભાવદર્પણ બની ગઇ. પોતાના પ્યારા પ્રભુને પ્રેમભર્યા બાહુમાં જકડીને બાળકો શું નાચ્યા છે, કૂદ્યાં છે, પ્રેમના પોકારો પાડયા છે, તેનું વર્ણન શક્ય નથી. ત્યાં તો જાણે ભાવ-સાગર જ પ્રગટી ગયો હતો! તેની ઊંડાઇ માપવાનું શક્ય નથી. પાંચ પાંચ દિવસ સુધી એ ભાવસાગર ઉછળતો જ રહ્યો. બાળકો પ્રભુપ્રેમની મસ્તીમાં ઝૂમતાં જ રહ્યા, ઝૂમતાં જ રહ્યા! બાળકોના

હૃદય સિંહાસનપર પ્રતિષ્ઠિત થયેલાં પ્રભુ સંકીર્તનદ્વારા રોમરોમમાં પ્રતિષ્ઠિત થઇ ઊઠયાં છે. પ્રાણના પ્રત્યેક સ્પંદમાં પરમપ્રેમના જ ધબકારા સંભળાઇ રહ્યા છે. રક્તના રણકારમાં બસ એ જ પ્રેમનું ગૂંજન થઇ રહ્યું છે, શ્વાસોશ્વાસમાં એ જ સ્નેહની સિતારી વાગી રહી છે. બસ, સર્વત્ર, અંદર અને બહાર પ્રભુ, પ્રભુ અને પ્રભુ જ!

યોગતીર્થમાં પ્રતિષ્ઠિત થયેલાં પ્રભુનાં વિવિધ સ્વરૂપોને પૂ. શ્રી માએ ભારે આદરપૂર્વક સન્માન્યાં. પૂ. શ્રી માની પરમ પ્રકૃતિનું દર્શન અજબનું છે. અંતરમાં પ્રકટેલા પ્રભુપ્રત્યેના પ્રેમને પૂ. શ્રી મા જ્યાંસુધી પ્રણામોના પરાક્રમદ્વારા પ્રગટ નથી કરતાં, ત્યાંસુધી પૂ. શ્રી માને સંતોષ થતો નથી. વળી આ પ્રેમભર્યા પ્રણામોની વણઝાર એવી તો ચાલ્યા કરે છે કે એ દિવ્યપ્રેમ પાસે સમયનો અભાવ વર્તાય છે. પૂ. શ્રી માને પ્રણામો પૂરા કરવાની ઇચ્છા જ થતી નથી. જો પૂ. શ્રી માએ બીજું કોઇ યુગકાર્ય હાથ ન ધર્યું હોત, તો પ્રણામોનું તપ, ઉપવાસોની જેમ અવિરત ચાલુ જ રહ્યું હોત! અલબત્ત કોણ કહી શકે તેમ છે કે પૂ. શ્રી માના પ્રણામો અવિરત ચાલુ નથી? દિવસ અને રાત પ્રણામોથી આવૃત્ત થતાં જ જાય છે. હવે તો પ્રણામો પ્રાણમાં પ્રગટ થઇ ગયા છે. ત્યાં તો પ્રણામવંદના અહર્નિશ ચાલ્યા જ કરે છે. પૂ. શ્રી માની પ્રણામ-પ્રીતિને કેનેડાની યુવાનોની શિબિરમાં શ્રી મહેન્દ્રભાઇ અને બીજા બાળકોએ હજારો પ્રણામોની ઉજવણીદ્વારા જે અંજલિ આપી, તે જ આ પ્રણામીમાતાને શ્રીચરણે ધરેલો શ્રેષ્ઠ અર્ધ્ય છે. જેમ પૂ. શ્રી માનો નિત્ય ઉપવાસી લીલાવિગ્રહ તેમાં પ્રકટેલી પરમશક્તિનું પ્રમાણ છે, તેમ હજારો પ્રણામોદ્વારા પ્રભુનું પરાક્રમી પૂજન કરતાં બાળકોમાં પ્રગટતી શક્તિ બીજું કશું જ નથી, પરંતુ પૂ. શ્રી મા સ્વયં બાળકોમાં પ્રગટીને પ્રભુને પ્રણામો કરી રહ્યાં છે. ઉપવાસો-



ની જેમ પ્રણામો પણ પૂ. શ્રી માના પરમ વ્યક્તિત્વના અવિભાજ્ય અંગ બની ગયા છે. પૂ. શ્રી માની શક્તિવિના એક દિવસમાં ૬૫૧૧ પ્રણામોનું સામર્થ્ય પ્રગટવું અશક્ય છે. પૂ. શ્રી માના શ્રીચરણે સમર્પિત થયેલા બાળકોમાં જે વિશેષ તપનું સામર્થ્ય પ્રગટે છે, તે પૂ. શ્રી માની વિશેષ શક્તિથી જ પ્રગટે છે. જે બાળકો પ્રભુ માટે પ્રણામોનું તપ કરવા તૈયાર થાય છે, તેમાં પૂ. શ્રી મા પ્રવેશીને પ્રગટીને બળ આપે છે. પ્રભુ માટે તપવાની જિજ્ઞાસા જે બાળકોમાં જાગે છે તેના પર પૂ. શ્રી માની કૃપાદૃષ્ટિ સહજ ઊતરે છે.

અહીં યોગતીર્થમાં પ્રતિષ્ઠિત થયેલાં પ્રભુનાં વિવિધ દરેક સ્વ-રૂપોને પૂ. શ્રી માએ ૧૦૮, ૧૦૮ પ્રણામોની અંજલિ ધરી છે. પૂ. શ્રી માને શ્રી પ્રભુ માટે અસાધારણ પ્રેમ છે. એટલે એ અસાધા-રણ પ્રેમમાંથી જ પ્રણામોની અસાધારણ અંજલિ શ્રીપ્રભુચરણ અર્પવાની પ્રબળ ભાવના પૂ. શ્રી માના અંતરમાં પ્રકટી છે. પ્રણામોદ્વારા પૂ. શ્રી માએ શ્રીપ્રભુ સાથે એવી તો આત્મીયતા પ્રગટ કરી છે કે પોતાના જાણીને શ્રીપ્રભુને અપનાવ્યાવિના ચાલે જ નહિ. પ્રણામો પૂ. શ્રી માને અતિશય પ્રિય છે અને જેઓ પણ પ્રણામો કરશે તેઓ પૂ. શ્રી માની પ્રસન્નતા પ્રાપ્ત કરીને પૂ. શ્રી માના શ્રીચરણોમાં નિત્યનિવાસનું પરમસુખ પામી જશે.

પૂ. શ્રી માના પરમ સાન્નિધ્યમાં ઉજવાતા ઉત્સવો પ્રણામ-પાર્ટીની ઉજવણીથી જ સંપન્ન બને છે. પૂ. શ્રી માનું પ્રગટ સાન્નિધ્ય હંમેશા પ્રણામલીલાના વિરલ દર્શનથી શોભી ઊઠે છે. પ્રણામસાધના પૂ. શ્રી માની વિરલ અને અદ્વિતીય સાધના છે. આધ્યાત્મિક સાધના પરંપરામાં આ નવો જ ચીલો છે. પૂ. શ્રી માના અંતરમાંથી સ્ફુરેલો પ્રભુપ્રેમનો પ્રબળ જુસ્સાધર શંખધ્વનિ

છે, જે જીવનજંગ જીતવામાં શૂરાતન ચડાવવા માટે રણભેરી સમાન છે. બીજી રીતે જોઈએ તો ભાગવતની રાસલીલાની તન્મયતાની અનુભૂતિની અભિનવ આવૃત્તિ છે. એકસાથે હજારો પ્રણામોની એકધારી સરવાણી પ્રેમની તન્મયતાની સાક્ષી પૂરે છે. રાસલીલાની જેમ ભગવાન અને ભક્તની સમરસતાની પરમોચ્ચ ભૂમિકા છે. પૂ. શ્રી માએ પ્રણામ સાધનાદ્વારા સાધકને સાધનાના અનેક સોપાનો વટાવીને સીધા જ શ્રીપ્રભુના શ્રીચરણોમાં જોડી દીધો છે. એટલે આનંદમહોત્સવ પણ પ્રણામપર્વથી જ વિશિષ્ટ રીતે ઉજવાઈ રહ્યો છે.

આ નંદમહોત્સવ વિશિષ્ટ રીતે આનંદપર્વ એટલા માટે બની ગયું કે પૂ. શ્રી માના શ્રીચરણોમાં બાળકોને પોતાના ભક્તહૃદયના ભાવો ઠાલવવાનો અદ્ભુત અવસર મળી ગયો. શ્રી પંડિતજી, નિલેશ, મીનાબેન જેવા કલાકાર ભક્તોનો અહીં સરસ સુમેળ સધાયો હતો. સામે જ પરામ્બા મા ભગવતી પ્રગટ હતાં, સાથે જ ભાવ, ભક્તહૃદય અને કલાનો સુંદર સુમેળ બાળકોમાં સધાયો હતો. ખાસ કરીને વડોદરાના સાધક કલાકાર બાળકોએ ભારે રંગ જમાવ્યો. પ્રભુપ્રેમ, ભક્તહૃદય અને કલાનો અહીં સુરમ્યસંગમ રચાયો હતો એટલે આ મહોત્સવમાં સૌ પ્રેમના રંગમાં રંગાઈને પ્રેમમય બની ગયા હતા!

૧૫, ઓગસ્ટનું સ્વાતંત્ર્યપર્વ પણદેશભક્તિની અનોખી ઝલક જગાવી ગયું! ભારતવર્ષ તો પૂ. શ્રી મા અને શ્રી યોગેશ્વરપ્રભુને પ્રાણપ્યારો છે. એટલે તો ભારતની ચારેય દિશાઓમાં એમણે અવતાર ધારણ કરીને ભારતના ઉત્કર્ષકાજે યુગોથી પ્રયાસો કર્યા છે. આ અવતારમાં પણ દેશભક્તિની અનેરી લીલાઓનું દર્શન કરાવી રહ્યા છે. સ્વર્ગારોહણતીર્થમાં પણ પૂ. શ્રી માએ ધ્વજવંદન અને દેશભક્તિનાં ગીતો ગાઈને સ્વાતંત્ર્યપર્વ ઉજવ્યું! ભારતવર્ષને આશીર્વાદ આપતાં પૂ. શ્રી માએ લખ્યું, "ભારતદેશ સંતો અને સારા નેતાઓથી હંમેશા રક્ષાયેલો રહે, એનાપર ઈશ્વરના આશીર્વાદ ઉતરો."



પૂ. શ્રી માના પરમ વ્યક્તિત્વનો પડઘો એમના વર્તનમાં સહજ જ પ્રતિઘોષિત થતો રહે છે. સ્વાતંત્ર્યદિનની સંધ્યાએ કુટિયાના પ્રાંગણમાં સત્સંગ ચાલી રહ્યો છે. પૂ. શ્રી મા કુટિયાના પ્રદક્ષિણા માર્ગમાં બિરાજ્યાં છે. થોડીવારમાં ઝરમર વરસાદ ચાલુ થયો. વરસતા વરસાદમાં પણ બાળકો પૂ. શ્રી માનાં દર્શન પામીને ધન્યતા અનુભવતા હતા. પૂ. શ્રી માએ જોયું તો બાળકો વરસાદમાં પલળી રહ્યા છે. બીજી જ ઘડીએ પૂ. શ્રી મા વરસતા વરસાદમાં છાજલી નીચેથી જાતે જ ખુરશી લઈને બાળકો વચ્ચે આવીને બેસી ગયાં. પૂ. શ્રી મા પણ બાળકો સાથે ભળી ગયાં. પૂ. શ્રી મા ક્યારેય પદ, પ્રતિષ્ઠા કે પરમ વ્યક્તિત્વથી પણ બંધાતાં નથી. બાળકો સાથે વરસતા વરસાદમાં ભળીને સમરસ થઈ ગયાં! સંતત્વનું અહં પણ પૂ. શ્રી માને સ્પર્શી શકતું નથી. સાવ બંધનમુક્ત! ફક્ત પ્રેમથી જ બંધાયેલાં!

સંધ્યા થવા આવી હતી એટલે પૂ. શ્રી માએ જાતે જ રાષ્ટ્રધ્વજને સલામી આપી ધ્વજાવતરણ કર્યું. ધ્વજ નીચે આવતા બરાબર પૂ. શ્રી માના મસ્તકે સ્પર્શ્યો. એટલે પૂ. શ્રી માએ પોતાના બંને હાથોથી ધ્વજને પોતાના મસ્તકે પ્રેમથી સ્પર્શ કરાવ્યો! જાણે ભારતને મસ્તકે ચડાવીને ગૌરવ ધર્યું! કેવા બે નાનકડા સરસ પ્રસંગો છે? નમ્રતાના નિધિ જેવાં પૂ. શ્રી મા ભારતની અસ્મિતાથી, દેશભક્તિની પ્રીતિથી કેવા સમુન્નત!

પૂ. શ્રી માના સાન્નિધ્યમાં ઉજવાયેલો આ નંદમહોત્સવ જાણે

અંતરથી માણ્યો અને અંતરમાં પ્રગટ કર્યો તેઓ માટે તો તે અનેરી આનંદની સમાધિ હતી! પૂ. શ્રી માના પ્રગટ સાન્નિધ્યથી જ આ મહોત્સવ પ્રેમ અને આનંદની સમાધિ સમો બની રહ્યો. સર્વત્ર વ્યાપેલા પ્રેમ અને આનંદનું મૂળ તો પૂ. શ્રી મા જ છે.

પૂ. શ્રી મા મળ્યા પછી એમની છત્રછાયામાં નિત્ય ઉત્સવ જ છે.

અંતર ઉત્સવ ઊજવે, વ્હાલે
વાણી તમોને ગાય,
હોય તમારાવિના ન કશુંયે,
અમારી રગેરગમાંય.

માણસ કયા પ્રદેશમાં રહે છે તે બહુ મહત્ત્વનું નથી, પણ તે શું કરે છે ને તેનું ચારિત્ર્ય ને જીવન કેવું છે તે જ મહત્ત્વનું છે. માણસ ગમે ત્યાં જાય–હિમાલયમાં કે કોઇ તીર્થસ્થળમાં પણ પોતાના મનને તો તે સાથે લેતો જાય છે, સંસ્કારોની તિજોરી જેવું મન તેની સાથે જ રહે છે. એટલે જ્યાં જાય છે ત્યાં પોતાનો નવો પણ રૂચિપૂર્વકનો સંસાર ઊભો કરી દે છે. એટલે મનને જ પલટાવવાની કે વિશુદ્ધ કરવાની જરૂર ખૂબ જ મહત્ત્વની છે. તે સાધકે ભૂલવું ના જોઇએ. યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૧.



આધ્યાત્મિક ભીડનું આશ્રયસ્થાન

# શ્રીમદ્ રાજચંદ્રજી

ડૉ. કુમારપાળ દેસાઇ

શ્રીમદ્ રાજચંદ્રજીના દેહવિલયનું આ શતાબ્દિ વર્ષ છે. આ વર્ષે એ મહાન વિભૂતિએ દર્શાવેલા તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક માર્ગની દેશ–પરદેશમાં વિચારણા થઇ રહી છે. પચીસમી જૂન, રવિવારે સવારના પોણા નવ વાગ્યે ટાઉનહોલમાં શ્રીમદ્ રાજચંદ્ર દેહવિલય શતાબ્દિ વર્ષ ઉજવવાનું આંતરરાષ્ટ્રિય મહોત્સવ સમિતિ-દ્વારા આયોજન થઇ રહ્યું છે ત્યારે મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રના મેળાપનાં અનેકવિધ સ્મરણો ચિત્તમાં જાગે છે.

અહિંસા અને સત્યથી જગતને અજવાળનારા મહાત્મા ગાંધીજીના જીવનમાં આ પ્રકાશ પ્રગટયો ક્યાંથી? બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીમાંથી વિશ્વવંદ્ય મહાત્મા ગાંધી બન્યા કઇ રીતે? અહિંસા અને આધ્યાત્મિકતાના એમનાં પ્રેરણાસ્રોત હતા શ્રીમદ્ રાજચંદ્રજી. એમની આધ્યાત્મિક પ્રેરણાને સહારે ગાંધીજીએ રાજકીય, આધ્યાત્મિક અને સામાજિક ક્રાંતિ કરી. આવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી સ્વયં કહે છે :

"મારા જીવનપર શ્રી રાજચંદ્રભાઇનો એવો સ્થાયી પ્રભાવ પડયો કે, હું એનું વર્ણન કરી શકતો નથી. હું કેટલાંય વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું. પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી મેં જોયા નથી. યુરોપના તત્ત્વજ્ઞાની-ઓમાં હું ટોલ્સ્ટોયને પ્રથમ શ્રેણીના અને રસ્કિનને બીજી શ્રેણીના

વિદ્વાન સમજું છું, પરંતુ રાજચંદ્રભાઇનો અનુભવ એ બંનેથી ચઢેલો હતો."

પોતાના જીવનપથને નવી દિશા આપનાર શ્રીમદ્ રાજચંદ્રજી-ના વ્યક્તિત્વ વિશે મહાત્મા ગાંધીજીએ આદરપૂર્વક નોંધ લખી છે. પૂ. ગાંધીજીએ એમની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં શ્રીમદ્ રાજચંદ્રજીના પ્રભાવ વિશે લખ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજીના મેળાપથી એક વિરલ ઘટનાનું સર્જન થાય છે. આ સર્જન એટલે શ્રીમદ્ રાજ-ચંદ્રજી અને મહાત્માજીનો મેળાપ.

વિ. સં. ૧૯૪૭ ના જેઠ માસમાં મહાત્મા ગાંધીજી બ્રિટનમાં બેરિસ્ટર થઇને હિંદુસ્તાન આવ્યા. તે દિવસે મુંબઇમાં શ્રીમદ્‌ના કાકાજી સસરા અને ભાગીદાર શ્રી રેવાશંકર જગજીવનના ભાઇ ડૉ. પ્રાણજીવનભાઇ મહેતાના નિવાસસ્થાને બેરિસ્ટર મોહનદાસ ગાંધી ઊતર્યા હતા. શ્રીમદ્ પણ એ જ દિવસે ત્યાં આવ્યા. અહીં ગાંધીજી અને શ્રીમદ્‌જીનો પ્રથમ પરિચય થયો.

હિંદુસ્તાનમાં આવ્યા બાદ ગાંધીજી વકીલાત કરવા માટે મુંબઇ રોકાયા, ત્યારે ગાંધીજી પાસે સમયનો ઘણો અવકાશ હતો. આથી તેઓ શ્રીમદ્‌ને એમની પેઢી પર વારંવાર મળવા જતા. આ સમયે ગાંધીજી શ્રીમદ્‌ના આચાર, વિચાર અને વ્યવહારનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં કહે છે :

"શ્રીમદ્ ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો પહેરતા. આખું અંગરખું, ખેશ, ગરભસૂતરો, ફેંટો અને ધોતી. તેમની ચાલ ધીમી હતી. અને જોનાર પણ સમજી શકે કે ચાલતાં પણ આત્મવિચારમાં મગ્ન છે. આંખમાં ચમત્કાર હતો. અત્યંત તેજસ્વિતા–વિહ્‌વળતા જરાયે ન હતી."



પુષ્પના સૌરભથી જેમ મધુકર આકર્ષાય તેમ પ્રથમ પરિચયે જ મહાત્મા ગાંધીજીને શ્રીમદ્‌જીના આંતર–બાહ્ય વ્યક્તિત્વનું આકર્ષણ થયું હતું. ગાંધીજીએ સૂક્ષ્મ, ગુણગ્રાહ્ય દૃષ્ટિથી શ્રીમદ્‌જી-ના જીવનવ્યવહારમાંથી ઘણી ગુણસમૃદ્ધિ આત્મસાત્ કરી લીધી. મહાત્મા ગાંધીજીના ચારિત્ર્યના નિર્માણના પાયામાં છે શ્રીમદ્‌ની પ્રતિભાનો પાવન સ્પર્શ અને એમના આંતરિક આનંદમય વ્યક્તિત્વનો સાક્ષાત્ અનુભવ.

શ્રીમદ્‌ની આંખની જ્યોતિર્મયતા, વ્યવહારની સ્વસ્થતા અને આત્મવિચારની નિમગ્નતા–આ બધી બાબતોએ મહાત્મા ગાંધીજી-ના વ્યક્તિત્વ ઘડતરમાં પ્રચ્છન્નપણે ફાળો આપ્યો.

શ્રીમદ્ સાથે ગાંધીજીનો પત્રવ્યવહાર બહોળો હતો પરંતુ કમભાગ્યે આપણને માત્ર ત્રણ જ પત્રો ઉપલબ્ધ છે, છતાં ગાંધીજીની વિવિધ ધર્મો વિશેની અને ધર્મના મર્મ અંગેની તીવ્ર મથામણમાં શ્રીમદ્‌ના આ પત્રોએ એમને ધર્મપરિવર્તન કરતા અટકાવ્યા હતા. ગાંધીજીએ બેરિસ્ટરની બુદ્ધિને છાજે એવા વ્યાવ-હારિક–પારમાર્થિક એવા આત્મા, ઈશ્વર, મોક્ષ, ધર્મ, પુનર્જન્મ, પશુઓ અને ઇસુખ્રિસ્ત વિશે અનેક પ્રશ્નો શ્રીમદ્‌ને પૂછ્યા હતા.

એના ઉત્તરો, શ્રીમદ્ પ્રજ્ઞા અને અનુભવજ્ઞાનથી આપ્યા હતા. શ્રીમદ્ અને ગાંધીજી વચ્ચેનો આ અભૂતપૂર્વ યોગ ભારત માટે, ભારતીય સંસ્કૃતિ માટે અને માનવજાત માટે અતિ મહત્ત્વપૂર્ણ અને ફળદાયી નીવડયો. એક જ સદીમાં બે મહાન વિભૂતિઓએ ભારતમાં–ગુજરાતની ધરતીપર અને સૌરાષ્ટ્રની ભૂમિમાં જન્મ ધારણ કર્યો તે કેવી ભવ્ય ઐતિહાસિક ઘટના કહેવાય. બંને સત્ય-પુરુષોએ માનવીય ગૌરવ પ્રસ્થાપિત કર્યું હતું.

શ્રીમદ્ રાજચંદ્રજીએ અદ્‌ભુત સ્મરણશક્તિ દર્શાવતા શતાવધાનના પ્રયોગો કર્યા હતા. એમણે મુંબઈમાં વિ. સં. ૧૯૪૩ માં ફરામજી કાવસજી ઈન્સ્ટિટ્યૂટમાં આવા પ્રયોગો કરીને અદ્‌ભુત શક્તિનો પરિચય આપ્યો હતો.

મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ શ્રીમદ્ રાજચંદ્રજીની આ સ્મરણશક્તિએ ઘણું પરિવર્તન આણ્યું હતું. ઇંગ્લેન્ડથી બેરિસ્ટર થઈને આવેલા મહાત્મા ગાંધીજીના "વિલાયતના પવનને" શ્રીમદ્‌ની સ્મરણશક્તિએ હળવો કર્યો હતો. એ સમયે કોઈએ ગાંધીજીને સૂચવ્યું કે, તમે રાયચંદભાઈ(શ્રીમદ્ રાજચંદ્રજી)ને કેટલાક શબ્દો સંભળાવો અને એ શબ્દો ગમે તે ભાષામાં હશે તોપણ તે જ ક્રમમાં રાયચંદભાઈ પાછા કહી જશે.

ગાંધીજીને આ સાંભળીને આશ્ચર્ય થયું; એ પ્રસંગ વેળાની પોતાની સ્થિતિનો ખ્યાલ આપતાં ગાંધીજી કહે છે : "હું તો જુવાનિયો, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ; મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા. મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢ્યા—કેમ કે મને ક્રમ ક્યાં યાદ રહેવાનો હતો? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કીધા. હું રાજી થયો, ચકિત થયો, અને કવિની સ્મરણશક્તિ વિષે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો ગણાય."

ગાંધીજીની શ્રીમદ્ સાથે પ્રથમ ઓળખ થઈ તે વખતની ગાંધીજીની સ્થિતિ વિષે પણ જાણવું આવશ્યક છે. એ વિષે



ગાંધીજી પોતે જ કહે છે : "(શ્રીમદ્) પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા; પણ એ વસ્તુ પોતાનો વિષય નહોતી. તેમનો વિષય—તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ—હરિદર્શન હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય ના હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અને પેલી નોંધપોથી ઊઘડે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય, તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં, પણ અનેક વેળા થયેલો."

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧

પૂ. શ્રીના જીવનનું જીવંતદર્શન

# શ્રી યોગતીર્થ

નારાયણ હ. જાની

પ. પૂ. મા તા. ૨–૮ ના રોજ અમદાવાદથી અંબાજી સ્વર્ગારોહણમાં પધાર્યાં. પૂ. માનું ભારતમાં આ વર્ષે વિશેષ રોકાવાનું મુખ્ય પ્રયોજન તો પૂ. ગુરુદેવ શ્રી મહાત્મા યોગેશ્વરજીના સ્મૃતિહોલને તા. ૧૫ મી ઓગસ્ટ સુધીમાં સંપૂર્ણ કરી તેનું ઉદ્ઘાટન કરી દેવાનું હતું. પરંતુ કામ ખરેખર ખૂબ હતું. પૂ. માએ છેલ્લાં કેટલાંક વર્ષોથી પોતાના મનમાં આ સ્મૃતિહોલમાં–જેનું પૂ. માએ નામાભિધાન હવે શ્રી યોગતીર્થ કર્યું–પૂ. માતાજી જ્યોતિર્મયી અને પૂ. યોગેશ્વરજીના કયાં કયાં સ્વરૂપો પધરાવવાં તેની વિચારણા કર્યાં કરેલી. એ માટે તેઓએ મહિનાઓ નહિ, વર્ષોનો માનસિક પરિશ્રમ વેઠેલો.

આ શ્રી યોગતીર્થના કેટલા વિભાગ રાખવા, દરેક વિભાગમાં પૂ. શ્રીના ઉપલબ્ધ સ્વરૂપોમાંથી કોની પસંદગી કરવી. જ્યાં એક પ્રસંગના બેચાર ફોટાઓ ઉપલબ્ધ હોય તો તેમાં કયું સ્વરૂપ શ્રેષ્ઠ રહેશે–તેને વિવિધ રીતે મોટું કરી, નિહાળી તેની આખરી પસંદગી કરવી. આ કામ નાનુસૂનું ના માનતા. પૂ. માએ આવા એક સ્વરૂપ પર આખરી પસંદગી ઉતારતાં પૂર્વે કલાકોસુધીનો પરિશ્રમ કર્યો છે. અરે, રાત્રે સૂવાનું કેવું! પોતાના ગુરુદેવનું આ તો કામ તેમાં કેટલો બધો આનંદ અને ઉત્સાહ! આ રીતે પૂ. માને કામ કરતાં જેણે જોયાં–તેને જો દૃષ્ટિ હોય તો–ભારે ધન્યતા અનુભવાય. પૂ.



ગુરુદેવ માટેનું સમર્પણ કેવું હોય તેનું દર્શન તેમાં થાય. અરે, આવા પાંચ પચ્ચીસ નહિ, પૂરાં ૧૫૯ સ્વરૂપો પૂ. માએ પસંદ કરી મોટા કરાવ્યાં. તેમ કરતાં એમ કહું કે પૂ. માએ પોતાનો એક શ્વાસ આવી સેવા વગર ના જાય તે રીતે કામ કર્યું છે. હાથ, પગ ને શરીર જ્યારે કામ ન કરતાં હોય ત્યારે મન તો વિચારતું જ હોય–કયા ફોટા નીચે શું લખાણ મૂકીશું, તેને કયા વિભાગમાં ગોઠવીશું તો વધારે સારું લાગશે. આ બધું જ કામ પૂ. માએ પોતાની આગવી આંતરિક સૂઝ પ્રમાણે કર્યું છે. પૂ. માનો એ સ્વભાવ છે કે ઘણા બધાંની સલાહ લે, બતાવે પછી પોતાના અંતર આત્માને ગમે–પસંદ પડે, તે જ કરે. કોઇના સૂચનમાં કંઇક સારું હોય તો તેનો તુરત જ સ્વીકાર કરી લે. પોતાનું અહં ક્યાંય આડે ના આવવા દે. એટલું ખુલ્લું મન.

પૂ. માની એ સૂઝ પણ સરસ કે કયા માણસ પાસેથી શું કામ લેવાય.

આ બધી જ મથામણોના મૂક સાક્ષી સત્યપથના ઓરડા, પૂ. માની એ બેઠક, દિવસ અને રાતની એ પળો અને કેટલાક સદ્ભાગ્યશાળી સેવકો. એમાં બધાંનો જ ફાળો–પણ શ્રી યોગતીર્થના કામની જવાબદારી જેણે પૂ. માની પસંદગીથી ઉપાડી તે બિપિનભાઇ તન્ના મુખ્ય. રાત ને દિવસ જોયાવિના એમણે કામ કર્યું છે. સંભવ છે કે તેઓએ પોતાના ઘરના કે ધંધાના કામમાં આટલો ને આવો શ્રમ ન રેડયો હોય. પ્રભુને પોતાનું કામ કરાવવું હોય તો તે કેવાં કેવાં નિમિત્ત ઊભાં કરીને યોગ્ય જીવને યથાસ્થાને લાવીને મૂકી દે છે! અરે, પાંચેક વર્ષ પહેલાં આ બિપિનભાઇને કોણ ઓળખતું હતું! પણ તેમની સૂઝ, તેમનો સ્વભાવ ને પૂ. મામાં તેમની નિષ્ઠા અને પ્રેમ–બહુ ઓછાબોલો સ્વભાવ અને

પત્ની પણ સરસ. પૂ. માના કામમાં હંમેશ પ્રોત્સાહિત કરતી રહે—પોતે પણ પોતાનો ફાળો તો આપે જ. આવું બહુ ઓછું જોવા મળે. જોઇએ ત્યારે લાગે કે કયા જીવોનું ક્યારે પ્રભુપંથે ભાગ્ય ઉઘડે તે શું ખબર પડે!

પૂ. મા અમદાવાદમાં હતાં, ત્યારે અમારે ત્યાં જવાનું થયું. શ્રી બિપીનભાઇ એક ચિત્રકાર ભાઇને લઇને સત્યપથમાં આવ્યા. તે પાછળનું પ્રયોજન એ હતું કે પૂ. માને સ્મૃતિખંડ માટે કેટલાંક ચિત્રો તૈયાર કરવાનાં હતાં. તેમાંનું એક ચિત્ર—સરોડાનું પૂ. શ્રીના ઘરના આગળના ભાગમાં ખુલ્લામાં પૂ. શ્રી ખાટલામાં બેસી ધ્યાન કે લેખન કરે છે. થોડે દૂર ઘરનું બારણું ખુલ્લું દેખાય છે ને તેમાં પૂ. માતાજી જ્યોતિર્મયી ઘંટીએ બેસીને દળે છે—તો પૂ. માતાજીએ તે વખતે કેવો સાડલો પહેર્યો હશે, તેની કિનારી કેવી હોય, તે વિષે અમને પૂ. માએ કેટલાક પ્રશ્નો પૂછ્યા. ચિત્રમાં પૂરી વાસ્તવિકતા આવવી જોઇએ એવો પૂ. માનો આગ્રહ. એટલે પૂ. માની પાસે પૂ. માતાજીનાં જેટલા ફોટો ઉપલબ્ધ હતા, તે બધા ભેગા કરવા માટે પૂ. મા કેટલાંય સ્થળો ફેંદી વળ્યાં. એ માટે કે પૂ. માને યાદ હતું કે પૂ. માતાજીનાં જે ફોટાઓ તેઓએ જોયેલા તેમાં યુવાન વયનો એકાદ ફોટો પણ હતો, અર્ધા કલાકના સતત પરિશ્રમ પછી પૂ. માએ ફોટો શોધી કાઢયો, પછી જ તેઓ જંપ્યાં. તેમાં પૂ. માતાજીએ પહેરેલા સાડલાની કિનાર કેવી દોરવાની તે વાત પૂ. માએ તે ચિત્રકારને સમજાવી ત્યારે જ પૂ. માને શાન્તિ થઇ.

આવું તે ઘણું થતું. ક્યાંય પણ હકીકત દોષ ના આવે ને વાસ્તવિકતા પણ પૂરી જળવાય તે અંગે પૂ. મા ખૂબ જાગૃત. એમના આ સ્વભાવનું દર્શન ઉપરના પ્રસંગમાં જોવા મળે છે.



પૂ. માએ અમદાવાદમાં તૈયાર કરાવેલ સ્વરૂપો અંબાજીમાં મંગાવી તેમની વિભાગવાર ગોઠવણી કરાવી. એટલું જ નહિ, પરંતુ બધાં જ સ્વરૂપોને ભૂમિ ઉપર ન ખડકતાં, નીચે સરસ મજાની નવી ચાદરો પાથરી આપણે જાણે કોઇ મહેમાનને તેનું આસન આદરપૂર્વક ન આપતા હોઇએ, તે રીતે રાખ્યાં. સાથે સાથે એ પણ ધ્યાન રાખ્યું કે એક સ્વરૂપ બીજા સાથે જરાય ઘસાય નહિ, પૂ. મા પોતાના ઓરડામાં આ સ્વરૂપો રાખીને એવો ભાવ અનુભવતાં જણાયાં કે તે બધાં જ સજીવ બનીને પૂ. માને નિરખી રહ્યાં છે. તેમની સાથે જીવી રહ્યાં છે. આવી સતત સજીવ સભાનતાના પરિણામે, તેઓનો આવાસ દિવ્ય વાતાવરણથી સભર લાગતો. પૂ. મા તો સ્વયં દિવ્ય ઉર્જાના સ્રોતસમાં તો છે જ. તેઓનાં પ્રત્યેક અંગ—પ્રત્યાંગમાંથી ખૂબ જ વિપુલ પ્રમાણમાં—પવિત્ર તન્માત્રાઓનો પ્રવાહ વાતાવરણમાં વહેતો રહે છે. એથી તો એ દિવ્ય વાતાવરણના પરિઘમાં પ્રવેશતા હરેક જીવને તેની યોગ્યતા પ્રમાણે—દિવ્ય પ્રશાંતિનો પ્રસાદ અનાયાસે મળી જાય છે.

અરે, પૂ. માએ એ પણ ધ્યાન રાખ્યું કે આ બધાં સ્વરૂપો જેમને શ્રી યોગતીર્થમાં પધરાવવાનાં છે, તેમને બીજા સામાનની જેમ—એક ઠેકાણેથી ઊંચકીને બીજે ઠેકાણે મૂકી દઇએ, એમ નહિ. એ સ્વરૂપો પૂજનીય વ્યક્તિઓનાં છે. એમને બીજી ચીજોની જેમ ગમે તેમ ઉપાડીને સ્થાનફેર ના કરાય. તેમને ખૂબ પ્રેમ ને આદરથી ઉપાડવાનાં. ખૂબ ભક્તિભાવપૂર્વક આપણે કોઇ જીવંત સંત સાથે વ્યવહાર કરીએ, તે રીતે—નવા સ્થાનમાં શોભાયાત્રા કાઢીને—ૐ નમો ભગવતે યોગેશ્વરાય નમઃ કે ભગવાનના નામોની ધૂન બોલાવતા, નાચતા, કૂદતા, ગાતા, પૂરી અદબ સાથે ઉપાડીને—અને તે પણ પવિત્ર વસ્ત્રો ધારણ કરીને, લઇ જવાનાં—

એ દૃશ્ય ખરેખર અનેરાં બની રહ્યાં. પૂ. મા સિવાય આવું કોણ વિચારી શકે!

પૂ. માના પરમ વંદનીય ગુરુદેવ પ્રત્યેના અનન્ય ભાવનું જ એ પરિણામ હતું. પૂ. માનો પૂ. ગુરુદેવ યોગેશ્વર પ્રભુ પ્રત્યેનો એ વિશિષ્ટ ભાવ જ—એમની હર ક્રિયાને ભક્તિ બનાવી દેતો. પૂ. માના સમગ્ર વ્યવહાર કે વર્તનમાં ક્યાંય જરાપણ ભાવશૂન્યતા કે કૃત્રિમતા ના જણાય. શ્રદ્ધાભક્તિ અને ભાવ છલકાયાં જ કરે. એટલે તો શ્રી યોગતીર્થ—પૂ. માની પૂ. ગુરુદેવ યોગેશ્વર પ્રભુપ્રત્યેની ભક્તિનું એક અનેરૂ—સાચા અર્થનું તીર્થ જ બની ગયું છે. પૂ. માએ એ બધાં જ સ્વરૂપોમાં પોતાની પ્રણામોની અંજલિ ધરી—તીર્થત્વ પ્રસ્થાપિત કર્યું છે. એટલે તો તેના દર્શને જનાર જો સત્ત્વગુણ સંપન્ન હોય, તો બીજા નામાંકિત તીર્થોની યાત્રા જેવું જ તીર્થત્વનું પુણ્ય—અહીં પ્રાપ્ત કરી શકે છે—વંદન હો શ્રી યોગતીર્થને અને એને પ્રકટાવનાર પરમ વંદનીય શ્રી શ્રી મા સર્વેશ્વરીને.

* નાથવચનામૃત *

શ્રીઈશ્વર સદાચારી, ઉદ્યોગી ને સદાગ્રહવાળા પુરુષના શુદ્ધ-સંકલ્પ સિદ્ધ કરે છે. "જો જો ઇચ્છા હોત મનમાંહીં, રામકૃપા કછુ દુર્લભ નાંહીં." એ વચન પણ એમ જ કહે છે.

નિત્યકર્મ, જપ ને શાસ્ત્રવાચનવડે પરમાત્મામાં વાણી તથા મનને જોડતા છતાં પ્રસન્ન રહેશો.

ભક્તવત્સલ પ્રભુ પોતાના ઐકાંતિક ભક્તોની શુભેચ્છા અવશ્ય પાર પાડે છે તેમ તમારી શુભેચ્છા પણ પાર પાડશે.


॥ ૐ ॥

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય**

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વર્લ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે, કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યંસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ **તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.**

★ **અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.**

**શ્રી વિજયભાઈ પંડિતજી**

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)

પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.

ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧

EMAIL : pandat@indya.com

સમય : દરરોજ સાંજે ૪થી૮ રવિવારે રજા.

● હ્રદયરોગો (હાર્ટએટેક, હાઈબ્લડપ્રેશર, બાયપાસ સર્જરી પહેલાં/પછી), ડાયાબિટીશ, દમ-અસ્થમા, જુની શરદી, કમરનો દુખાવો, વા, આધાશીશી(માયગ્રેન), વજન વધારે હોવું, ડીપ્રેશન, એસીડીટી, કબજીયાત, અલ્સર જેવા રોગોમાંથી મુક્તિ મેળવવા માટે યોગની તાલીમ જરૂરી છે, એવું આધુનિક વિજ્ઞાનેપણ સ્વીકાર્યુ છે. એ માટે ....

- અઠવાડિયામાં ત્રણ દિવસનાં યોગ વર્ગ
- દર શનિ/રવિવારે ફક્ત એક જ દિવસનો મેડીકલ કેમ્પ
- Personal, Couple, Family, Teenage Counselling

● STRESS MANAGEMENT નું આયોજન અને સંચાલન.

● ધો.૧૦, ૧૧, ૧૨નાં વિદ્યાથીઓને સ્પેશ્યલ ટ્રેઈનીંગ

● ૬ થી ૧૫ વર્ષનાં બાળકોમાટે દર રવિવારે યોગના ક્લાસ.

● યોગ અંગે વાર્તાલાપ - પ્રવચન - વ્યાખ્યાનમાળાનું આયોજન.

● Pregnancy (ગર્ભાવસ્થા)માં યોગની તાલીમ.

● Advanced Course (અઠવાડિયામાં ત્રણ દિવસ)

**આપની સોસાયટી, એપાર્ટમેન્ટ, ગામ, શહેર, દેશ-પરદેશમાં ઉપરોક્ત કોઈપણ પ્રોગ્રામનાં આયોજન માટે સંપર્ક કરો**

**યૌગકૈવલ્યમ**

સ્થાપના : ૧૯૯૩

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

**● ડૉ. હિમાંશુ પાઠક ● શ્રીમતી હેમીના પાઠક ● શ્રીમતી મીરા દેસાઈ**

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી,
પાણીની ટાંકી પાછળ, ભુલકા ભવન સ્કુલ નજીક, અડાજણ રોડ, સુરત.
ફોન : ૨૬૮૫૫૩૮ ૨૬૮૫૫૧૮ (રહે.) ૨૭૭૮૨૮૩ (મોબાઈલ) ૯૮૨૪૦ ૪૩૦૩૩
E-mail: modernyogee@hotmail.com
Visit us at: www.yogkaivalyam.com




# માંડૂક્ય ઉપનિષદ્ (૧)

મહાત્મા યોગેશ્વરજી

## (૧) શરૂઆત

છેલ્લે છેલ્લે જે વિચારો વ્યક્ત થાય છે તે પરથી કોઇએ એમ માની લેવાની જરૂર નથી કે આપણે એકલી આધુનિકતાની જ તરફેણ કરીએ છીએ ને દેશે બધી રીતે આધુનિક થઇ જવું એમ માનીએ છીએ. આપણા કહેવાનો ભાવાર્થ એવો નથી. આધુનિક સભ્યતા ને વિજ્ઞાનના વિકાસમાંથી મદદ મેળવી આપણે સાંસારિક રીતે વધારે ને વધારે સુખી,સમૃદ્ધ ને શક્તિશાળી જરૂર થવું જોઇએ. સાંસારિક સુધારણા ને તેના ઉપયોગી સાધનોની ઉપેક્ષા આપણે ન કરી શકીએ; તેની તરફ ઉદાસીન પણ ન બની શકીએ. આ બધા આવિષ્કારો ને માનવે કરેલી ઉપયોગી શોધોને આપણે સમુદ્રમાં સમાવી દેવાની વાત નથી કરતા; ફક્ત તે માનવતાને પોષક હોય ને સંસારની સુખાકારી તેમ જ શાંતિમાં વધારો કરે ને પોતાનો નમ્ર ફાળો આપે એમ ઇચ્છીએ છીએ. એ રીતે આપણે આધુનિકતાને અવશ્ય આવકારીશું. પરંતુ સાથે સાથે તેના નશામાં અંધ બનીને પહેલાનું જે સારું છે તે ભૂલાય, વગોવાય ને તજાય નહિ એમ પણ ઇચ્છીશું. ભારત પાસે ગૌરવપૂર્ણ ભૂતકાળ છે; કળા, સાહિત્ય ને ધર્મ અથવા તત્ત્વજ્ઞાનની વિપુલ સામગ્રી છે. આ દેશની ભવ્ય આધ્યાત્મિકતા સદા યાદ રહે ને સૌને પ્રેરક બને એવું આપણે ઇચ્છીએ છીએ. ધર્મ ને આધ્યાત્મિકતાની દૃષ્ટિએ આ દેશે કોઇની નકલ કરવાની જરૂર નથી. તેનો અમૂલ્ય ને અખૂટ

વારસો દેશ પાસે પડેલો છે, ને તે કોઈ પણ સમય ને પ્રજા માટે પ્રેરણાત્મક ને પ્રાણપ્રદાયક છે, એમાં જરા પણ શંકા નથી. ભારત પોતાની સ્વતંત્ર ને શક્તિશાળી સંસ્કૃતિ ને આધ્યાત્મિકતાને સાચવીને તેમ જ પોષીને વર્તમાન વૈજ્ઞાનિક વિકાસની મદદથી કાયાપલટ કરે તે જ બરાબર છે. ધર્મ, ભક્તિ ને ઈશ્વરને યાદ રાખવાથી જ દેશની શક્તિ સચવાઇ રહેશે. પણ તે માટે જીવનના સતત નિરીક્ષણની જરૂર છે. ધર્મ ને તત્ત્વજ્ઞાન કેવળ વેદ ને ઉપનિષદ્ જેવા ગ્રંથોના અધ્યયનમાં જ સમાઇ ન જાય; પણ જીવનમાં સાકાર બને તે જરૂરી છે. વ્યવહારપરાયણ માણસને તેનાથી ડગલે ને પગલે બળ, મદદ ને માર્ગદર્શન મળે તે માટે તેને વ્યવહારિક કરવાની જરૂર છે. ભક્તિ ને ઈશ્વર એકલા મંદિરમાં ને માળા તથા બાહ્ય વિધિવિધાનોમાં જ નહિ પરંતુ જીવમાત્રમાં છે એમ માનવાની ને પ્રત્યેક પ્રવૃત્તિને ભક્તિમય બનાવી ઈશ્વરાર્પણ કરવાની ટેવ કેળવવાની જરૂર છે. નીતિ ને સદાચારની ઉપેક્ષા કોઇ પણ પ્રજાને ગૌરવ ન આપી શકે, ને સુખશાંતિ પણ ન ધરે, તેનું સ્વાગત કરી સૌએ મન ને ઇન્દ્રિયો-નો સંયમ સાધતા શીખવાની ને મન, વચન, કર્મ તેમ જ વિચાર-ને વધારે ને વધારે નિર્મળ કરવાની જરૂર છે; પ્રેમ, દયા, નિર્ભયતા, પવિત્રતા ને સેવાભાવને કેળવવાની જરૂર છે. બહારના શરીરને દેખાવને સાફ રાખવાનું જેમ ખૂબ ધ્યાન રાખવામાં આવે છે તેમ અંતર સદાય સાફ ને સુવાસિત રહે ને તેના પર લગીરે ડાઘ ન પડે તેને માટે અત્યંત જાગ્રત રહેવાની જરૂર છે. તે રીતે જ માણસ ને માણસોનો સમાજ સુખી થઇ શકે, શાંતિ મેળવે ને પોતાના જીવનના એકછત્ર સ્વામી બને. એવા સ્વામિત્વની જ વૈદિક ઋષિએ કામના કરી છે. તેને સિદ્ધ કરવાના જેટલા પ્રયાસ થાય



એટલા ઓછા છે. બહારના સાધનોની સહાયથી સુખી થવા ઇચ્છતા માનવે સાચા સુખી થવા એવું સ્વામિત્વ મેળવવું જરૂરી છે.

ઉપનિષદ્ના અમૃતનો આસ્વાદ લેતાં લેતાં આપણે આટલે સુધી આવી પહોંચ્યા છીએ. અમૃતના ગુણ ઘણા ગવાય છે. તે ખરેખર કેવું છે તેની આપણને ખબર નથી. પરંતુ ભારતના પર-માત્મપ્રેમી ઋષિવરોએ આપેલા આ જ્ઞાનામૃતનો આસ્વાદ તો ખરેખર અનેરો છે. હિમાલયની દૈવી ભૂમિમાં બેસીને આપણે પ્રભુની પરમકૃપાથી એ અમૃતના ઘૂંટડેઘૂંટડા પી રહ્યા છીએ એ ભાગ્ય કાંઇ ઓછું નથી. તન, મન ને અંતરને એથી અપાર તૃપ્તિ મળે છે.

## (૨) અમૃતનો આસ્વાદ

ભાગવતમાં એક સુંદર વાત આવે છે. દેવો અને દાનવોએ સમુદ્રનું મંથન કર્યું. તે વખતે કહે છે કે તેમાંથી જુદાં જુદાં રત્નો નીકળ્યાં. છેવટે તેમાંથી અમૃત મળ્યું. અમૃતને જોઇને બધાની પ્રસન્નતાનો પાર ન રહ્યો. અમૃતનું પાન કરવાની ને તેથી અમર થવાની ઇચ્છા કોને ન હોય? દેવો ને દાનવો તેને માટે તલપાપડ થઇ ગયા ને પડાપડી કરવા લાગ્યા. દેવોની ઇચ્છા દાનવોના હાથમાં અમૃત ન જાય તેવી હતી. દાનવો પણ બદલામાં એવું જ ઇચ્છતા હતા. પરિણામે તેમની વચ્ચે ઘર્ષણ થયું ને ભગવાનને મોહિની સ્વરૂપ લેવું પડયું. મોહિની સ્વરૂપથી મુગ્ધ થઇને દાનવોએ ભગવાનને અમૃતનો કુંભ આપી દીધો. ભગવાને તે લઇને દેવ ને દાનવોની વચ્ચે ફરવા માંડયું. પરંતુ દાનવોના હાથમાં અમૃત જાય તો તે બધા અમર બની જાય ને સંસારને સદાને સારુ સંકટમાં નાંખી દે. એટલે ભગવાને તેમને માત્ર

હાવભાવ ને પોતાના વિશ્વવિમોહન રૂપથી જ રાજી કર્યા ને અમૃત દેવોને પાઈ દીધું. દાનવો બહુ લાંબે વખતે આ વાત સમજી શક્યા. પરંતુ પછી શું થાય! અણીનો અવસર તેઓ તેમના જ અજ્ઞાન ને મોહને લીધે ચૂકી ગયા હતા. એ વાતમાં મોટો સાર સમાયેલો છે. પરમાત્માના પ્રેમ કે જ્ઞાનનું મહામહેનતે મેળવેલું અમૃત કેટલીક વાર માણસના હાથમાંથી એટલા માટે છટકી જાય છે ને તેનાથી તે એટલા માટે વંચિત રહી જાય છે કે તે શરીર ને સંસારના બહારના મોહમાં ને બીજી આડવાતોમાં પડી જાય છે. એ અજ્ઞાન, અવિવેક કે મોહથી જાગ્રત રહેવાની ને મુક્તિ મેળવવાની ખૂબ જરૂર છે. તો જ માણસ જીવનનો આનંદ અલિપ્તતાથી લઈ શકે ને એને અમૃતમય કરી શકે.

અમૃતના આસ્વાદથી દેવો ધન્ય થયા. ઉપનિષદ્‌નું અમૃત પણ એવું જ છે. મહાપુરુષોના જીવનના મહામંથનને અંતે તે બહાર નીકળ્યું છે. આત્માને શાંતિ આપવાની ને જીવનને ધન્ય કરવાની તેનામાં શક્તિ છે. એનો આસ્વાદ સૌ કોઈને માટે ઊઘાડો છે. તે માટે કોઈ ભેદભાવ નથી. દેવ ને દાનવ—સારા ને નરસા બધા તેનો સ્વાદ ને પાનથી ધન્ય થઈ શકે છે. ફક્ત તેનો લાભ લેવાની પ્રામાણિક ઈચ્છા થવી જોઈએ. હા, જે ઉત્તમ માનવ બનવાનો નિરંતર પ્રયાસ કરશે ને સાત્ત્વિકતાની વૃદ્ધિ કરી જીવનને દૈવી બનાવવા તત્પર હશે તે સ્વાભાવિક રીતે જ તેનો વધારે સારો લાભ લઈ શકશે ને વધારે સ્વાદ મેળવશે.

શાસ્ત્રોનું કેવળ પઠન ને પારાયણ કરીને જ જે બેસી રહે છે ને બદલામાં જીવનની ધન્યતાના મોટા ફળની આશા રાખે છે તેની દશા તો તેના જેવી છે જે ભોજનની સામે પીરસેલી થાળીને જોઈ રહે છે ને તેટલાથી જ ભૂખ ભાંગવાની ઈચ્છા રાખે છે; અથવા



તો નદીના દર્શન માત્રથી તીવ્ર તરસ મટાડવાની ઈચ્છાવાળા માણસ જેવી તેની દશા છે. ઝાડને દૂરથી જોયા કરવાથી કે તેના ગુણગાન ગાવાથી કોઈને તેની શીતળ છાયાનો લાભ નથી મળી જતો. તે રીતે શાસ્ત્રોના સંબંધમાં પણ સમજવાનું છે. શાસ્ત્રોનું પૂજન, પઠન ને પારાયણ કરીને બેસી રહેવાને બદલે તેમાંથી જીવનની ઉન્નતિ માટેનો ઉપયોગી મસાલો મેળવી લઈને તેનાથી જીવનને સમૃદ્ધ ને શાંતિમય કરવાની કોશિશ કરવી જોઈએ. તો જ શાસ્ત્રોનું મનન પ્રાણપ્રદાયક બની શકે. આ વાત જેટલી યાદ રખાય એટલી ઓછી છે. એ પ્રમાણે કરવાથી ઉપનિષદ્‌ના અમૃત-પાનથી પણ માણસ મધુમય ને ધન્ય બની શકે. સંસારના આ મહાન મેળામાં આપણે સામેલ થયા છીએ. તેનો નિર્ધારિત વખત વીતી જાય તે પહેલાં આવો, આપણે જીવનનું નિરીક્ષણ ને મંથન કરીએ ને એના અમૃતનો દેવદુર્લભ આસ્વાદ લઈએ. પરમાત્માની કૃપાથી આપણે એ મોટા ને જરૂરી કામમાં સફળ થઈએ.

(ક્રમશઃ)


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

**"સ્વર્ગારોહણ"**

## માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯ / ટે. નં. ૬૨૨૬૯

## Personal Obgervations of Maa

## During Youth Sadhans Shibir-(3)

**Shipra Amin**

Maa always promotes good life-style habits especially when it comes to ones health. From the beginning of the Shibir She immediately noticed that Rohitbhai is overweight. She seemed very concerned about his health, mentioning Rohitbhai's weight and general health every second day if not more. Maa once said that drinking too much coke would make ones body like Rohitbhai's. She also pointed out that She was 58 years old and Rohitbhai was only 31 years of age, yet Maa was more physically active and healthy. Maa asked Rohibhai to give up Coke and do atleast 11 pranams everyday. She said that he would have to pass Her exam before She allowed him to come to the next Shibir.

* * *

One of the many things that I noticed about Maa is Her devotion, respect and love



for Prabhuji. One day in the main hall they had put a picture of Krishna Bhaghwan between Maa & Prabhu's Swaroop. It was placed in such a way that it was leaning on both the Swaroops. From where Maa was sitting it looked like the picture of Krishna was leaning against Prabhu's hand. She immediately asked me to move it such that no part of the frame was touching Prabhu.

One of the most amazing things I noticed is Maa's way of demonstrating Prabhu's presence through Her pranams. The first & last thing She does when entering or leaving a room is pranam to Prabhuji. For example, we were going to the main hall and Maa had done Her pranam to Prabhuji. But before we actually left Her room, She remembered She needed Her book. Maa got Her book and did pranam AGAIN. Her pranam is absolute first & last, there is nothing in between, it doesn't matter how many times She has to do it. She has never faltered in this.

One evening the Toronto youth put forth a drama about an incident in Prabhuji's life. At

the end of drama one of the participants began to sing a bhajan. Maa was not pleased, in fact She was angry with the whole situation. First of all the bhajan had no relation to drama, and secondly-it caused a lot of confusion about the moral of the story. Maa spoke to Anibhai (the director) and explained that this was not tolerable. She said that you can't add in just any bhajan at the end of a play without taking into consideration it's meaning and implications. Also, nobody has the right to change the script of a drama without the permission of the author. Maa explained that instead of helping extol Prabhuji's name it gives the audience a reason/chance to mock him. For Maa this is completely unacceptable.

* * *

I've seen Maa play the role of mother, teacher, confident, advisor and many others, but with the youth She is more a friend than anything else. I myself have spoken to Her swaroop as She is my friend, letting out frustration and anger as well as sharing all the joy. At the shibir I saw other youth come to



Her as a friend. They could talk to Her about events and situations that they couldn't mention to their own parents. Maa not only guides us in our spiritual growth but also in our personal lives.

One day a student came to Maa and told Her that she had met a boy that she might consider for marriage. Maa asked if the boy was religiously inclined, if he was Gujarati and if he was a good person. The student replied that she had only known him for a month and that she had invited him to come to the shibir on the last day to have Maa's darshan, but he hadn't come. Maa immediately told her that the boy wasn't truly interested in satsang. She also told her that she should get to know the boy for 12 months before making any decisions.

Yashmi had come to see Maa, eventually the conversation led to vegetatrianism. Maa told her that she would first have to convert those in her own home. (Maa was refering to Yashmi's fiancee and his family). Maa told her to be very careful and not let herself be

caught up in such habits such as eating meat. Yashmi explained to Maa how she had told her fiancee and his family that she would not cook, serve or touch anything that had to do with meat. Maa replied that such things are easy to say but very difficult to practice. The environment will be as such where there will be familial pressures therefore standing by her morals will be that much more difficult. Maa instructed her to stand by her morals and be steadfast in her faith; this will give her the strength to withstand succumbing to all pressures. (ક્રમશઃ)

**આત્મિક બળની પીછાણ**

જે વ્યક્તિ પોતાના અસલ સ્વરૂપને એકવાર જાણી લે છે, પોતાના આત્મિક બળને પીછાણી લે છે, તે ભલા, નિરાશા શી રીતે અનુભવી શકે? આજનો માનવ પોતાના ભૂતકાલીન વારસાને તેમ જ તેના આત્મિક ગૌરવને ભૂલી ગયો છે, તેથી જ પોતાને દીન, હીન કે લાચાર માને છે. જે વ્યક્તિ એકવાર આત્મિક ગૌરવ પર પ્રતિષ્ઠિત થઈ જાય, તેનામાં એક એવું બળ આવે છે કે ફાંસીને માંચડે પણ તે હસતાં હસતાં ચઢી જાય છે. મૃત્યુને મારીને અમર થઈ જાય છે.

યોગેશ્વરજી



સાધના શિબિરમાં

# પ. પૂ. માની ક્રિયાઓનું નિરીક્ષણ

મૂળ લેખક : શીપ્રાબેન અમીન

અનુવાદક : તંત્રી

કોઈ પણ વ્યક્તિના આરોગ્યનો પ્રશ્ન હોય, ત્યારે પૂ. મા હંમેશા સાધકની જીવનશૈલીને ઉત્તમ કરવા પ્રોત્સાહિત કરે છે. શરૂથી જ પૂ. માએ એ જોઈ લીધું કે શિબિરમાં જોડાયેલ શ્રી રોહિતભાઈનું વજન ખૂબ વધારે છે. આથી પૂ. માને તેમના આરોગ્ય વિષે ચિન્તા થતી. એટલે તેમના શારીરિક વજનનો– સામાન્ય આરોગ્ય વિષેની વાતચીતમાં રોજ નહિ તો એકાંતરે ઉલ્લેખ થતો રહેતો. પૂ. માએ આથી એક વાર કહ્યું કે કોક જેવું પીણું ખૂબ પીવાથી શરીર રોહિતભાઈ જેવું થઈ જશે. વળી પૂ. માએ એ દર્શાવ્યું કે તેઓ તો ૫૮ વર્ષનાં છે ને શ્રી રોહિતભાઈ તો ૩૧ વર્ષના છે, આમ છતાં પૂ. મા તેમના કરતાં વધારે સારી તંદુરસ્તી અને સ્ફૂર્તિ ધરાવે છે. આથી પૂ. માએ શ્રી રોહિતભાઈને કોકનો ત્યાગ કરવા અને રોજ કંઈ નહિ તો ૧૧ પ્રણામ કરવા કહ્યું. હવે પછીની બીજી શિબિરમાં જોડાવા માટે તેઓએ પૂ. માની આ પરીક્ષા તો પાસ કરવી પડશે.

પ. પૂ. મા સર્વેશ્વરીના પૂ. શ્રી યોગેશ્વર પ્રભુ પ્રત્યેની ભક્તિ, આદર અને પ્રેમ અંગે ઘણી બાબતોમાં મેં એક વાત નોંધી. એક દિવસ મુખ્ય હોલમાં પૂ. મા અને પ્રભુનાં સ્વરૂપો વચ્ચે ભગવાન કૃષ્ણનું સ્વરૂપ પધરાવેલું હતું. તે એવી રીતે મૂકવામાં આવ્યું હતું

કે તે બંને સ્વરૂપો પર ઢળેલું હતું. પૂ. મા જ્યાં બેઠાં હતાં ત્યાંથી એવું દેખાતું હતું કે ભગવાન કૃષ્ણનું આ સ્વરૂપ પૂ. ગુરુદેવ તરફ ઢળેલું છે. તેથી પૂ. માએ મને તુરત બોલાવી કહ્યું કે ભગવાન કૃષ્ણનું સ્વરૂપ એવી રીતે ગોઠવો કે પૂ. ગુરુદેવના સ્વરૂપને એનો સ્પર્શ ના થાય.

પૂ. મા પોતાનો પૂ. ગુરુદેવ પોતે પ્રત્યક્ષ હાજર છે એવો ભાવ, પોતાના પ્રણામો દ્વારા જે રીતે અભિવ્યક્ત કરે છે. તે ખરે જ આશ્ચર્યજનક લાગે છે. પ્રવેશતાં કે જતાં–પહેલાં ને છેલ્લે પૂ. મા ગુરુદેવને દર વખતે પ્રણામ કરે છે. દાખલા તરીકે અમે મુખ્ય હોલપ્રતિ જઈ રહ્યાં હતાં અને પૂ. માએ પૂ. ગુરુદેવને પોતાના પ્રણામ પહેલાં કરી દીધા હતા. પરંતુ અમે ખરેખર પૂ. માના ઓરડામાંથી બહાર નીકળીએ, ત્યાં પૂ. માને પોતાની એક ચોપડી લેવાનું યાદ આવ્યું. એટલે પૂ. માએ ચોપડી લીધી અને ફરી પાછા ગુરુદેવ પ્રભુને પ્રણામ કર્યા. પહેલાં કે છેલ્લે–પ્રણામ તો અચૂક કરવાના જ–એમાં કોઈ ફેરફાર ના ચાલે. પછી ભલેને તે અનેકવાર કરવા પડતા હોય, પરંતુ તેમાં પૂ. મા કદી ભૂલ કરે જ નહિ.

એક સાંજે ટોરોન્ટોના યુવાનોએ પૂ. ગુરુદેવના જીવન અંગેનો એક નાટ્ય પ્રયોગ રજૂ કર્યો. તે પૂરો થતાં એક અભિનય કરનારે એક ભજન ગાવા માંડયું. પૂ. માને તે રૂચ્યું નહિ. તેઓએ આ માટે પોતાની નારાજગી એટલા માટે વ્યક્ત કરી તે ભજનને રજૂ કરેલ નાટ્ય પ્રસંગ સાથે કોઈ સંબંધ ન હતો. વળી, તે નાટ્ય પ્રયોગ દ્વારા જે ઉપદેશનો સંદેશ રજૂ કરાયેલ તે અંગે શ્રોતાઓમાં સંદેહ પેદા થતો હતો. તેથી પૂ. માએ નાટ્ય પ્રયોગનું દિગ્દર્શન કરતા શ્રી અનિલભાઈને બોલાવીને કહ્યું કે આ ચલાવી



લેવાય એવું નથી. વળી તમે મૂળ લેખકની રજા વગર નાટ્ય પ્રયોગને અનુરૂપ ન હોય તેવી કોઈ વાત કે ભજન વચ્ચે ગુસાડી ના શકો. આ અંગે વિશેષ સમજ આપતાં કહ્યું કે તેના પરિણામે પ્રભુની પ્રશસ્તિ કરવાને બદલે જોનારાઓના મનમાં તેનાથી ઊલ્ટા ભાવો પેદા થાય છે. પૂ. મા આવી વાતનો કદી સ્વીકાર ના કરી શકે.

* * *

પૂ. માને મેં વિવિધ પ્રકારની ભૂમિકા નિભાવતાં જોયાં છે–જેવી કે માતા, શિક્ષક, વિશ્વાસુમિત્ર, સાચા સલાહકાર વગેરે. પરંતુ યુવાનો માટે તો બીજા કશા નાતા સિવાય ફક્ત એક મિત્રનો નાતો જ વધુ અગત્યનો છે. મેં મારી જાતે જ પૂ. માના સ્વરૂપ સમક્ષ મારી નિષ્ફળતા, ગુસ્સો તો કદીક આનંદની લાગણીઓ મિત્રભાવે અભિવ્યક્ત કરી છે. શિબિર દરમ્યાન મેં જોયું કે બીજા યુવકો પણ મિત્રભાવે પૂ. મા પાસે આવતા અને જે ઘટનાઓ અને પરિસ્થિતિની વાત પોતાના માબાપને કહેતાં સંકોચ થાય, તેવી વાતો પણ પૂ. માને કહેતી. પૂ. મા આપણને આપણા આધ્યાત્મિક ક્ષેત્રમાં જ માર્ગદર્શન આપે છે એવું નથી. તેઓ આપણી વ્યાવહારિક બાબતોમાં દોરવણી પૂરી પાડે છે.

એક દિવસે એક વિદ્યાર્થી બહેને પૂ. મા પાસે આવી કહ્યું કે તેને એક યુવકને મળવાનું થયું છે જેની સાથે લગ્ન કરવા તે વિચારે છે. પૂ. માએ પૂછ્યું શું તે છોકરો ધાર્મિક વૃત્તિવાળો, ગુજરાતી ને સારા સ્વભાવનો છે? તે વિદ્યાર્થી બહેને જવાબ આપતાં કહ્યું કે તે તેને એક મહિના પહેલાં જ મળી છે ને શિબિરના છેલ્લા દિવસે તેને આવવા જણાવેલું જેથી પૂ. માના દર્શનનો લાભ તેને મળે. પણ તે આવ્યો નથી. પૂ. માએ તુરત જ

કહ્યું કે તેને સત્સંગમાં કોઇ અભિરૂચિ નથી. વિશેષમાં પૂ. માએ સૂચના આપી કે આખરી પસંદગી કરતાં પહેલાં તેને ઓછામાં ઓછા બાર મહિનાસુધી ઓળખવા પ્રયત્ન કરો.

યાશમી પૂ. મા પાસે આવી તો પ્રસંગોપાત્ત શાકાહારીપણા વિષે વાત ચાલી. તો પૂ. માએ કહ્યું કે સૌથી પહેલાં તેણે પોતાના ઘરના માણસોને શાકાહારી બનાવવા પડશે. પૂ. મા યાશમીના ભાવિ પતિ અને તેના પરિવાર વિષે વાત કરી રહ્યાં હતાં. પૂ. માએ આ અંગે ચેતવણી આપતાં કહ્યું કે આ બાબતમાં તેણે ખૂબ સાવચેત રહેવું પડે, જેથી માંસાહારની બદીમાં ફસાઇ ના જવાય. યાશમીએ માને કહ્યું કે આ અંગે તેણે તેના વિવાહિત પતિ અને તેના પરિવાર સાથે સ્પષ્ટતા કરી દીધી છે કે તે જેમાં માંસ હોય તેવી કોઇ વસ્તુ રાંધશે, પીરસશે કે સ્પર્શ કરશે નહિ. પૂ. માએ કહ્યું આવી વાતો કહેવી સહેલી છે, પરંતુ વ્યવહારમાં આચરવી મુશ્કેલ છે. વાતાવરણ તેમ જ કૌટુમ્બિક દબાણો એવાં હોય છે કે તેમાં પોતાના નૈતિક નિયમોનું પાલન કરવું અઘરું બની જાય. પૂ. માએ કહ્યું તું તારા સિદ્ધાંતોમાં અડગ રહેજે અને તેનું વફાદારીપૂર્વક પાલન કરજે. તેનાથી તેને ગમે તેવાં દબાણો સામે ન ઝૂકી જવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે.

○



પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના

# જન્મદિનની ઉજવણી

એક સાધક

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન આમ તો તા. ૧૩ મી નવેમ્બર છે, પરંતુ તિથિ પ્રમાણે કારતક વદી ૨ છે. આ વર્ષે શ્રી જે. કે. માવાળાની ઇચ્છા હતી કે રાજકોટ ખાતે સર્વેશ્વરી તીર્થમાં પૂ. માનો જન્મદિન ઉજવીએ. પૂ. માની અનુમતિ માગી, તો પૂ. માએ સૂચવ્યું તેર નવે. ભલે અંબાજીમાં ઉજવાતી. તિથિ પ્રમાણે રાજકોટમાં તમારી ભાવના છે તો ઉજવાય. પરંતુ તે ઉજવણી ફક્ત રાજકોટ અને મોરબીના સાધકો પૂરતી મર્યાદિત રાખજો.

શ્રી જે. કે. પરિવાર તો ખૂબ ભાવિક એટલે તેઓએ રાજકોટના માત્ર યોગેશ્વર પરિવારના જ નહિ, પરંતુ પોતાના સંબંધીઓ અને મિત્ર પરિવારોને એ ભાવથી આ ઉજવણીમાં નિમંત્ર્યા કે તેઓના જીવનમાં જો ભગવાનનો કે કોઇ સંતનો પ્રવેશ ના હોય તો મા–પ્રભુના જીવન પ્રસંગો ને મહિમાની વાતો સાંભળી, તેવો પ્રવેશ થાય. સામાજીક પ્રસંગોએ તો પરસ્પરના વ્યવહાર નિમિત્તે લોકો મળે, પરંતુ બીજાઓનો આધ્યાત્મિક ઉન્નતિ થાય એવા ભાવથી બોલાવનારા કેટલા! એટલે રાજકોટના સાધકો ઉપરાંત મોરબીના પણ ૮૦ જેટલા ભાઇબહેનોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, આધ્યાત્મિક આનંદ માણ્યો.

પ્રારંભમાં શ્રી નવીનભાઇ દવેએ શાસ્ત્રોક્તવિધિથી પૂ. મા–પ્રભુનાં સ્વરૂપોનું પૂજન કરાવ્યું અને પૂ. માના આરોગ્ય અને

દીર્ઘાયુ માટે પ્રભુને પ્રાર્થના કરી. એ રીતે એક ભક્ત પરિવારે જગદંબાસ્વરૂપ પૂ. મા માટે પોતાની લાગણી વ્યક્ત કરી.

પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની અમૃતવાણીના લાભ ઉપરાંત, શ્રી ભોજાણીભાઇ અને શ્રી કલોલા-ભાઇએ પણ પૂ. મા–પ્રભુના જીવનના રોચક પ્રસંગોની લહાણ પીરસી. તો ઠાકુરના ભક્ત શ્રી જીતુભાઇ ભટ્ટે ભજનો ઉપરાંત સરસ ધૂનો ગવડાવી વાતાવરણને આધ્યાત્મિક સૂરોના મંગલ ધ્વનિથી ભરી દીધું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ શ્રી નારાયણભાઇ જાનીએ પૂ. માના મહિમાને યથાર્થ સમજીને પૂ. માનો શક્ય તેટલો વધુ લાભ લઇ, પ્રભુપંથે આગળ વધવા જાગ્રત થઇ પ્રયત્નશીલ થવા જણાવ્યું. આજના સમયમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થોમાંથી લોકો કેવળ અર્થ અને કામ પુરુષાર્થની પૂરતીમાં જ આખું મનુષ્યજીવન પૂરું કરી નાંખે છે અને મનુષ્ય જીવનના મુખ્ય ઉદ્દેશ્યરૂપ ધર્મ અને મોક્ષ પુરુષાર્થથી સાવ વંચિત રહી જાય છે. પૂ. માના જીવનના પ્રસંગો એ ફક્ત સાંભળવા પૂરતા જ નથી, પરંતુ તેઓ દ્વારા આપણને ઘણું આડકતરું જ્ઞાન મળે છે, જે આપણને ઘણી પ્રેરણા પૂરી પાડી આપણામાં રહેલી પ્રભુ-પ્રાપ્તિની ક્ષમતાની પ્રતીતિ કરાવે છે.

ઠાકુરના ભક્ત અને જાણીતા ડેન્ટીસ્ટ ડો. મેનાબેન જાવિયા-એ પૂ. રામકૃષ્ણદેવ અને પ. પૂ. માની અનન્ય વત્સલતાના પ્રસંગો વર્ણવ્યા.

અંતમાં શ્રી જે. કે. પરિવારે પૂ. માના જન્મદિન નિમિત્તે આમંત્રિતોને મિષ્ટભોજનથી પરિતૃપ્ત કર્યા. આ કાર્યક્રમમાં ઘણા નવા આંગતુકો જણાતા હતા.

* * *



## વડોદરામાં ઉજવણી

વડોદરા ખાતે તા. ૨/૧૨ ના રોજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની તિથિ પ્રમાણેની જન્મદિનની ઉજવણી શ્રી વિજયભાઇ પુરોહિત(શ્રી પંડિતજી)ના સત્સંગહોલમાં ખૂબ ધામધૂમથી કરવામાં આવી હતી. વડોદરાના સાધક ભાઇબહેનો–કીર્તનપ્રિય છે. તેથી પોતાની પૂ. ગુરુદેવ અને પૂ. મા પ્રત્યેની ભક્તિ કીર્તનોદ્વારા અભિવ્યક્ત કરે એ સ્વાભાવિક છે. તે માટે તેઓની પાસે સારું એવું ગાયકવૃંદ છે તો તેમાં સાથ પૂરાવનાર વાદકવૃંદ પણ સરસ છે. આખો દિવસ સત્સંગ ચાલ્યો. સાધકોએ તે ખૂબ પ્રેમપૂર્વક માણ્યો, તો સાથે મિષ્ટ ભોજનનો રસાસ્વાદ પણ લીધો.

## ગ્રાહકોને સૂચના

કેટલાક ગ્રાહકો અંક ન મળવાની ફરિયાદ કરે છે, ત્યારે ગ્રાહક નંબર કે ખરેખર જેનું નામ ગ્રાહક તરીકે નોંધાયેલું હોય, તેને બદલે બીજા નામે ફરિયાદ કરે છે. તેથી ફરિયાદનો નિકાલ થઇ શકતો નથી. શોધવા છતાં એવું નામ મળતું નથી. આથી ગ્રાહકોને વિનંતી છે કે અંક ન મળવાની ફરિયાદ–જે તે મહિનાના અંતસુધીમાં અંક ન મળે કે તુરત જ કરવી. રેપર ઉપર સરનામાની કાપલીમાં ગ્રાહક નંબર અને લવા-જમ ક્યારે પૂરું થાય છે તે નોંધેલું હોય છે. તે જોઇ લેવું. અંક ન મળવાની ફરિયાદ નીચેના સરનામે કરવી:–

ડો. બી. જે. જાગાણી
૨૪, નાલંદા ટેનામેન્ટ્સ, ભાંગલીગેટ પાસે,
ભાવનગર. ટે. નં. (૦૨૭૮) ૪૭૧૨૩૦

— તંત્રી

# ટોરન્ટો યુવા ધ્યાનકેન્દ્ર–કેનેડા

(મૂળ અંગ્રેજી લખાણનો અનુવાદ) તંત્રી

પ. પૂ. મા–પ્રભુ.

૧૩મી નવેમ્બર, પ. પૂ. માનો જન્મ દિવસ.

શ્રી યોગેશ્વર યુથ ધ્યાન કેન્દ્ર, ટોરન્ટોએ ભેગા મળી, પૂ. માને ગમતી ખાસ ભેટ ધરવા વિચાર્યું.

કેલગરી અને યુવા શિબિરના અનુભવોદ્વારા અમે પ્રણામનું મહત્ત્વ સમજ્યા છીએ. તેનો હેતુ અને શુદ્ધિને લીધે તે પ્રભુને અર્પણ કરી શકાય, તે અમે સમજીએ છીએ. કોઈ પણ ભૌતિક ઉપહાર કે ભેટ એની તોલે ના આવે.

નીચે પ્રમાણેના પોતાના પૂ. માને ધરવાના પ્રણામોની યાદી યુવકોએ કરી. હે મા, આપે આ વર્ષે અમને જે પ્રેમ આપ્યો, જે માર્ગદર્શન આપ્યું અને આપ અમારા જીવનમાં જે જાગૃતિ લાવ્યાં–તેનું ઋણ તો કેમ ચૂકવાય?

તા. ૧૧ નવેમ્બર, ૨૦૦૧ ના રોજ બધા જ યુવા સાધક ભાઈબહેનો શ્રી ધ્રુવભાઈના ઘરે ભેગા થયા અને ૧૦ વાગે કાર્યક્રમ શરૂ કર્યો.

૧. ગુરુવંદના–અમોને જ્ઞાન દેનારા ગુરુને લાખ વંદન હો.

૨. ઈશ્વરસ્તુતિ.

૩. વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.

૪. યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના.

૫. પ્રણામ અને ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ.



અને અણારા પ્રણામો બપોરે ૧ વાગે પૂરા થયા. તેમાં ભાગ લેનારાઓના નામ અને તેઓએ કરેલા પ્રણામની વિગત આ સાથે આપી છે. જે સાધકો બહારગામ હોવાથી, ભાગ ન લઈ શક્યા તેઓએ પોતાને ઘરે રહીનેય પ્રણામ કર્યા. આ પ્રણામો તે દિવસે ૨૪ કલાક દરમ્યાન કરવામાં આવ્યા છે.

પ્રણામ કરી અમે પ્રભુને પ્રાર્થીએ કે તેઓ આપની આ વર્ષ દરમ્યાન ખૂબ સરસ સંભાળ રાખે અને તેમને અમારા પ્રેમની ભેટ તરીકે સ્વીકારે.

હે મા, તમે અમારા દરેક માટે ભિન્ન ભિન્ન સ્વરૂપે અમારા જીવનમાં કાર્ય કરતાં રહ્યાં છો–ભગવાન, માતા, ગુરુ અને અસ્તિત્વરૂપે પણ. અમે છીએ.

શ્રી યોગેશ્વર યુથ ધ્યાનકેન્દ્ર ટોરન્ટોના સભ્યો.

## પૂ. માના જન્મદિને પ્રણામપૂજા

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉમા | ઉમ્મર વર્ષ ૩ | ૨૪ |
| ૨ | નિત્યા | ઉમ્મર વર્ષ ૮ | ૧૫૦૦ |
| ૩ | અર્જુન | ઉમ્મર વર્ષ ૮ | ૧૫૦૦ |
| ૪ | ધ્રુવ | | ૪૦૦ |
| ૫ | કૃપા | | ૨૫૦ |
| ૬ | રાધા | | ૧૦૧૩ |
| ૭ | જાતા | | ૬૨૦ |
| ૮ | ચિરાગ | | ૨૫૦ |
| ૯ | મીરા | | ૧૦૧૩ |

| | | |
|---|---|---|
| ૧૦ | પ્રેસી | ૫૦૦ |
| ૧૧ | પ્રેમલ | ૨૫૧ |
| ૧૨ | જીજ્ઞા | ૮૦૦ |
| ૧૩ | હેતલ | ૨૦૦ |
| ૧૪ | ધર્મેશ | ૧૯૨૬ |
| ૧૫ | યોગેશ | ૧૫૧૩ |
| ૧૬ | નીલમ | ૧૦૦૧ |
| ૧૭ | શીપ્રા | ૩૦૦૦ |
| ૧૮ | જીગર | ૧૦૦૦ |
| ૧૯ | મીતા | ૭૦૧ |
| ૨૦ | યાશમીન | ૧૦૦૧ |
| ૨૧ | અનિલ | ૧૨૦૦ |
| ૨૨ | હિતેશ | ૧૧૦૧ |
| ૨૩ | મીતાઓટાવા | ૧૦૦૧ |
| ૨૪ | રંજન | ૭૦૦ |
| ૨૫ | સરોજ | ૫૫૩ |
| ૨૬ | શીતલ | ૫૨૭ |
| ૨૭ | સુનિતા | ૧૦૧૩ |
| ૨૮ | ઉમેશ | ૧૦૦૧ |
| કુલ પ્રણામ | | ૨૫૫૬૧ |



### અંબાજી સ્વર્ગારોહણમાં

# સર્વરોગ નિદાનકેમ્પ

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં તા. ૨૭–૧–૨૦૦૨ ને રવિવારના રોજ–અગાઉનાં વર્ષોની જેમ સર્વરોગ નિદાનકેમ્પનું આયોજન–અંબાજીના સ્વર્ગારોહણમાં કરવામાં આવ્યું છે. આ માટે અંબાજી, પાલનપુર, સુરત, અમદાવાદ, ભાવનગર વગેરેના નિષ્ણાત દાક્તરો પોતાની સેવાઓ આપશે. અંબાજી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો તેનો વિશેષ લાભ લે તે માટે જરૂરી પ્રચાર વ્યવસ્થા કરવામાં આવી છે.

આવનાર દર્દીઓનું પરીક્ષણ કરી તેમને જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવશે. તે ઉપરાંત આંખના દર્દીઓને તપાસી, યોગ્ય નંબરના ચશ્મા પણ મફત આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા. ૨૬ અને ૨૭ જાન્યુઆરી, બે જાહેર રજાઓ હોવાથી શ્રી યોગેશ્વર પરિવારના સાધક ભાઈબહેનો આ સેવાયજ્ઞમાં મદદરૂપ થવા ને પ. પૂ. માનું સહજ દર્શન પામવા–મોટી સંખ્યામાં અગાઉથી આવે એવી વિનંતી છે.

— તંત્રી

* * *

### ભોજનની વ્યવસ્થા

અંબાજીના સ્વર્ગારોહણમાં આવનાર સાધક ભાઈબહેનો માટે હવે સંસ્થામાં જ ભોજનની વ્યવસ્થા કાયમી ધોરણે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. તેથી સાધના માટે આવતા સાધકોને હવે ભોજન માટે બહાર જવું નહિ પડે.

મેનેજર, સ્વર્ગારોહણ, અંબાજી.

# * રાષ્ટ્રીય હિતોના અટલ પ્રહરી *

ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીજી, આપના જન્મદિને કરોડો ભારતવાસીઓની સાથે ગુજરાત અને ગુજરાતની જનતા હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.

મહિલા સશક્તિકરણની પ્રેરણા આપે જ આપી છે. આ પ્રેરણાને સાકર કરવા અમે આ સંકલ્પો અમલમાં મૂક્યાં છે.

* મહિલા આયોગ કાર્યરત કરી રહ્યાં છીએ.
* મહિલા અને બાળવિકાસ માટે અલાયદું મંત્રાલય.
* કન્યા કેળવણીને સર્વોચ્ચ પ્રાધાન્ય સાથે રાજ્યવ્યાપી અભિયાન હાથ ધર્યું છે.
* સમગ્ર ગુજરાતમાં ગામેગામમાં ૫૦,૦૦૦ મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ.
* મહિલા કેદીઓ સમાજમાં પુનઃસ્થાપન પામે તે માટે તેમની સજામાં યોગ્યતાનુસાર માફી અથવા ઘટાડો કરવાનો નિર્ણય.

* શતમ્ જીવ શરદઃ *

માહિતી



પ. પૂ. સ્વામી

# શ્રી કૃષ્ણપ્રેમની ગુરુભક્તિ

ડૉ. હિમાંશુ પાઠક

મિત્રો, મારું નામ રોનાલ્ડ નિકસન. વર્ષો સુધી ઈંગ્લાંડમાં હું પ્રોફેસર તરીકે હતો. લોકો મારી ગણતરી કેમ્બ્રિજ યુનિવર્સીટીના બુદ્ધિપ્રતિભાસંપન્ન, તર્કશક્તિથી યુક્ત હાજરજવાબી પ્રોફેસર અને સફળ વક્તા તરીકે કરતા હતા. અનેક વિદ્યાર્થીઓના ગુરુ હોવા છતાં ગુરુની શોધની લગનીમાં મને ભારત આવવાની ઈચ્છા થઈ. જાણે નવી જીવનયાત્રા શરૂ થઈ અને પ્રોફેસર નિકસન મરી ગયો. મારી પોતાની તમામ દુન્વયી મિલ્કત ગુરુમાનાં ચરણોમાં અર્પી સમર્પિત થઈ ગયો. મારું નવું સ્વરૂપ બન્યું જેને મારાં ગુરુએ કૃષ્ણપ્રેમ નામ આપ્યું.

મારાં ગુરુમા એટલે શ્રી યશોદામા. તેઓ એટલે પૂર્વાશ્રમનાં લખનૌ યુનિવર્સીટીના ઉપકુલપતિ શ્રી જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તીનાં પત્ની મોનિકા દેવી. તેઓ મિજલસોના–પાર્ટીઓના આયોજન માટે જાણીતાં હતાં,–તેથી તેમને પરિચિત લોકો 'મિજલસની મહારાણી'ના ઉપનામથી પણ ઓળખતા, તેઓએ પોતાના ગુરુની આજ્ઞાથી માથું મુંડાવી સંન્યાસદીક્ષા લઈ પોતાની એશઆરામી જીંદગીને તિલાંજલિ આપી દીધી હતી. હા, વારંવાર વિલાયત જવાનો તેમને શોખ હતો, અત્યંત આધુનિક અને ફેશનેબલ ગણાતાં મોનિકા દેવી એ જ મારાં "ગુરુ મા યશોદા મા."

મારો ખાસ મિત્ર પ્રોફેસર ધૂર્જટિ મને એક દિવસ કહેતો

હતો કે 'ચમત્કારો–બમત્કારો કાંઇ નથી. વિજ્ઞાને એમનું પોલ પકડી પાડયું છે, ત્યારથી ચમત્કારો બનતા અટકી ગયા છે. ત્યારે મેં એને કહ્યું કે ભાઇ, એક દિવસ મારો બુદ્ધિગમ્ય અભિગમ પણ મને આવું જ સમજાવતો હતો; પરંતુ એક ઘટનાથી જ મારી સમજમાં પરિવર્તન આવી ગયું. એ પ્રસંગ ટૂંકમાં આ પ્રમાણે હતો:–

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે હું પાયલોટ હતો. દુશ્મનોની હિલ-ચાલનું નિરીક્ષણ કરવા ઊડતો હતો. મારી આજુબાજુ બીજાં પાંચ–સાત ફાઇટર વિમાનો પણ ઊડતાં હતાં. મને એમ કે એ બધાં વિમાનો પણ અમારા જ પક્ષનાં વિમાન છે એટલે એમની દિશામાં મારું વિમાન વાળવાનો મેં પ્રયાસ કર્યો ત્યારે કોઇ અદૃશ્ય અગમ શક્તિએ બળજબરીથી મારું વિમાન ડાબી બાજુએ–એથી ઊલ્ટી દિશામાં વાળવા માટે મને મજબૂર કર્યો. ને હું જમીનપર ઊતર્યો ત્યારે ખબર પડી કે એ પાંચ–સાત વિમાનો તો દુશ્મનનાં હતાં! ત્યારે મને થયું કે જેઓ પોતાના નાના મગજથી બધુ પામવા માગે છે અને માપી શકતા નથી, ત્યારે જ મારા મિત્રની જેમ એની ઠેકડી ઊડાડે છે.

મારાં ગુરુમા યશોદામાના માર્ગદર્શન હેઠળ એમની સાથે જ હું સાધુ તરીકે વારાણસીમાં રહેવા લાગ્યો અને જરૂર પડે તો મિત્રોને ત્યાં પણ રહેવા જતો.

પણ.....

મને એક વાત બરાબર સમજાઇ ગઇ હતી કે પશ્ચિમની જડવાદી સંસ્કૃતિની સામે, એશિયામાં જો કોઇ દેશ ટક્યો હોય તો એક માત્ર ભારત જ છે, કારણ કે ભારતના આધ્યાત્મિક મહા-



પુરુષોની દિવ્ય પવિત્ર અને ગૂઢ શક્તિએ તેને પોતાનું રક્ષા કવચ પૂરું પાડયું છે. તેથી ભારત એનો વ્યાજબી ગર્વ લઇ શકે છે. બાકી તો જીવવા માટે રોટીની જરૂર છે એ વાત યુરોપ કદી ભૂલતું નથી, પણ માણસ કેવળ રોટીથી જ નથી જીવતો એ જ વાત યુરોપના લોકોએ જાણવાની જરૂર છે.

ઘણીવાર બુદ્ધિશાળીઓ એકઠા થઇને મારા પર રીતસરનો હુમલો કરી એવું સાબિત કરવાનો પ્રયાસ કરતા કે અંધશ્રદ્ધાની એકમાત્ર દવા બુદ્ધિવાદ છે. ત્યારે મને એમને માટે ખૂબ હસવું આવતું અને હું એમની બધી દલીલોનો ભૂક્કો બોલાવી દેતો. કદાચ એટલે જ બધા ભારતીય મિત્રો પણ મારા વિશે એવું માનતા કે મારું ભારતીય શાસ્ત્રો–પુરાણોનું જ્ઞાન એમના કરતાં વધારે છે.

થોડા જ વખતમાં અમે આલમોડા પાસે મીરટોલાના પર્વતીય પ્રદેશમાં નાનકડા મકાનમાં યશોદામા સાથે આશ્રમની શરૂઆત કરી. ચારે બાજુ પર્વતો અને ફૂલો જ ફૂલો. લીલાંછમ વૃક્ષો વચ્ચે મંદિરનો ઘૂમટ. શાંત ભૂમિ, જ્યાં મૌન એકલું જ વાતાવરણમાં પ્રસરેલું રહેતું. આશ્રમમાં છાપાં કે રેડિયાને પ્રવેશ ન હતો.

મેં આગળ કહ્યું તેમ અમે પૂ. યશોદા મા સાથે વારાણસીમાં રહ્યા. ગંગાજીના કિનારે રહીને મેં તનતોડ પરિશ્રમપૂર્વક, શ્રી અરવિંદના શબ્દોમાં કહીએ તો, બ્રિટિશ બુલડોગના જેવી હઠી-લાઇપૂર્વક યોગસાધનાની શરૂઆત કરી. યોગસાધનાએ મારા જેવા શુષ્ક ફિલસૂફને કવિ બનાવ્યો, એમ કહી શકાય.

એક દિવસ હું વારાણસીમાં શિવની આભા અને ભગવાન શંકરના પ્રતીક વિષે પ્રવચન આપતો હતો ત્યારે એક અતિ–આધુ-

નિક વ્યક્તિએ પ્રશ્ન પૂછ્યો કે ધૂળ અને ઘોંઘાટના આ શુષ્ક શહેર-માં તમે એવું તો શું જોયું કે એનાં આટલા બધા ગુણ ગાઓ છો?

મેં કહ્યું–"ધૂળરજ નહિ, સુવર્ણરજ, અને મા ગંગામૈયાનું સંગીત."

૧૯૩૮ માં મારાં ગુરુ યશોદામૈયાની માંદગીને કારણ તેમને લઈને અમે અલાહાબાદ ગયા. માંદગીમાં પણ મંગલનો અનુભવ કરાવતું એમનું મધુર સ્મિત. મને પણ એમની ચિંતા થતી–ત્યારે મા કહેતાં, "પિંજર ભાંગે તો ભલેને ભાંગે પિંજર બહુ જીરણ તો થઇ ગયું છે એને છોડવું તો પડેને!"

મને લાગે છે કે મારાં દશ ભાષણો કરતાં પૂ. માનું એ એક વાક્ય વધારે વજનદાર હતું.

બસ, મારો તો એક જ ભવ હતો જ્યાં મારાં ગુરુ 'મા' ત્યાં હું–હું તો યશોદામાના પડછાયાની જેમ પાછળ જતો, એટલું જ નહિ, ચોવીસ કલાક તેમનો પડયો બોલ ઉપાડી લેવા તૈયાર રહેતો. રાતે પણ ચાકરની જેમ, જમીન પર એક સાદડી નાંખીને પડી રહેતો.

હું શું માનું છું તે તમારે જાણવું છે? તમે પણ તમારા હૃદય પર આ મહામંત્ર લખી રાખો.

'મારા ગુરુ મારો કદી ત્યાગ નહિ કરે.' ભગવાન કૃષ્ણ અને ગુરુ બંને એક જ છે. હું ગમે તે કરું, તોય મારા ગુરુ મને કદી નહિ છોડે. હું એમને છોડી જાઉં પણ એ મને નહિ છોડે. હું પથચ્યૂત થાઉં, વાસનાવમળમાં પડું, અને પાંચ પચાસ જન્મ સુધી રખડું, ઈશ્વરને અને માણસોને ગાળો દેતાં દેતાં મરું, એવું કંઇ કંઇ કરું, તોપણ મારા ગુરુ મારો કદી પરિત્યાગ નહિ કરે, નહિ



કરે. એમને હર્ષ કે શોક નથી, તોય મારી એક એક મૂર્ખાઇ એમના હૃદયમાં દુઃખનો ઘા કરશે. આમ છતાં, તેઓ મારાથી પોતાનું મોં કદી ફેરવી લેશે નહિ, કે મારી મૂર્ખાઇને લીધે મારે સહેવાં પડનારાં દુઃખોમાંથી મને બચાવવાનો પ્રયત્ન કર્યાવિના રહેશે નહિ. કદી પણ, કદી પણ તેઓ મને નિરાધાર નહિ છોડે કે મારા પગલાંને નિત્ય વૃંદાવન ભણી દોરવાનું અટકાવશે નહિ. ઈશ્વર મને છોડે, માણસો ભલે મારો પરિત્યાગ કરે, એ બને પણ મારા ગુરુ મને છોડે એ વાત કદી નહિ બને.

જરૂર એટલી જ છે કે શિષ્ય સતી સ્રી જેવો હોવો જોઇએ. જેને સાચા ગુરુ મળ્યા છે તેવો શિષ્ય જ્ઞાન માટે ફાંફાં મારતો બીજા ગુરુઓ પાસે જતો નથી. આવો શિષ્ય સતી સ્રી જેવો જ છે. જેણે એક વાર પતિપર સાચો પ્રેમ કર્યો છે, તેવી સ્રી પ્રેમની તૃષ્ણાથી કદી બીજાની સામું પણ નહિ જુએ.

હું માનું છું કે મારો એક જ દેશ છે, અને તે ભારત છે, ઇંગ્લાંડ નહિ. ભારતમાં કંઇક એવું છે જે દુનિયામાં બીજે ક્યાંય નથી. બર્ટ્રાન્ડ રસેલનો ખાસ મિત્ર લૂઇ ડિકિનસન બુદ્ધિશાળી તરીકે જાણીતો હતો. તેને પણ ભારતની ભાષા સમજાઇ નથી. તો રોમા રોલાંની સ્થિતિ પણ એવી જ છે. કારણ એમણે વિવેકા-નંદના મિશનરી જુસ્સાનાં ભલે ભરપેટ વખાણ કર્યાં પણ શ્રી રામકૃષ્ણને એ સમજી શક્યા નથી. શ્રી રામકૃષ્ણને સમજ્યા વગર કોઇ ભારતતીય હૃદય ધબકારને પામી શકે નહિ જ. જો ભારતીયો પોતાના સનાતન આધ્યાત્મિક મૂલ્યોમાં જે મૂળભૂત શ્રદ્ધા છે તે શ્રદ્ધા જો ગુમાવી દેશે તો ભારત માટે એ દુઃખનો દિવસ હશે.

એકંદરે ભારતીયો ગંભીર છે. અથવા ગંભીરતાને આધ્યા-

ત્મિકતા સમજી બેઠા છે. લોકો એ વાત ભૂલી ગયા લાગે છે કે હાસ્યવિનોદ તો ઈશ્વરની માણસને મોટી ભેટ છે. જાનવર ક્યાં હસી શકે છે. જો માણસ હસવાનું છોડી દેશે તો ઈશ્વર રડશે.

હાસ્યવિનોદ તો અસ્તિત્વનું નમક છે. દુનિયા આમે સમતુલા વગરની તો છેજ, પણ હાસ્યવિનોદ ન હોત, તો એ સાવ સમતુલા વગરની બની ગઇ હોત! અને કદાચ ક્યારનીયે મરી પરવારી હોત!

અને છેલ્લે એક જ વાત. 'યોગ એટલે શ્રી કૃષ્ણને જાતનું સંપૂર્ણ સમર્પણ–કશું માગવું નહિ, કશાની અભિલાષા નહિ, કશા પર અધિકાર નહિ–પણ એક માત્ર સમર્પિત થઇ જવાનું જ માગવું.

મારે જે કહેવું છે તે હું માત્ર પાંચ શબ્દોમાં કહી શકું "કશું માગો નહિ, બધું આપો." (કૃષ્ણપ્રેમ વિશે એમના જ એક હિંદુ મિત્રે આ વાક્ય કોતરાવ્યું છે કે :

'For me, he was tangible proof of the intangible and lent profoundity and dignity to life'

અર્થાત્ મારે મન એ અમૂર્તના મૂર્ત પુરાવારૂપ હતા. એમણે જીવનને ગાંભીર્ય અને ગૌરવ અર્પ્યું. તો કોઇકને એ શબ્દો ઉમેરવાનું મન થાય છે કે :

'He was the embodiment of dedication and profound divine love.

અર્થાત્ સમર્પણ અને પ્રભુપ્રેમની એ સાક્ષાત્ મૂર્તિ હતા.



# અધ્યાત્મનો અર્ક

યોગેશ્વરજી

**પ્રશ્ન :** અમારા ગામના મંદિરમાંથી કોઇ માણસ ભગવાનનું ઘરેણું ચોરી ગયો છે. આવી રીતે કેટલાંય મંદિરમાંથી ચોરી થાય છે, છતાં ભગવાનમાં શક્તિ કે સત્યતા હોય તો શા માટે કાંઇ કરતા નથી? તે ઊભા થઇને ચોરને શું કામ અટકાવતા નથી? આના પરથી સાબિત નથી થતું કે પોતાની રક્ષા કરવાને પણ જે સમર્થ નથી તે ભગવાનને ભજવામાં અજ્ઞાન જ રહેલું છે?

**ઉત્તર :** તમે ઠીક પ્રશ્ન પૂછ્યો છે. મંદિરમાંથી ચોરીઓના બનાવ હમણાં હમણાં વધતા જાય છે. પણ આ માટે તમારા જેટલી ઝડપથી ઈશ્વરને દોષિત ઠરાવી તેની અંદર અવિશ્વાસ મૂકવાનો કોઇ જ અર્થ નથી. એવું મોટું સાહસ ના કરવું જોઇએ. તેની પાછળ કેટલાંક કારણો રહેલાં છે. તે કારણોનો સ્વસ્થચિત્તે વિચાર કરવાથી સમજવાનો નવો મસાલો મળી શકે છે.

સૌથી પ્રથમ તો એ સમજવાનું છે કે મંદિરમાં થતી ચોરીઓ માટે વધારે ભાગે પૂજારી કે વ્યવસ્થાશક્તિ કે સાવધાનતાનો અભાવ જવાબદાર હોય છે. આપણી નબળાઇને લીધે જે ચોરી થઇ તેને માટે ભગવાનને દોષ દેવાનું પગલું બરાબર નથી.

બીજું, મંદિરોમાં આપણે જે ઘરેણાં તેમ જ શણગાર વિગેરે ચઢાવીએ છીએ તે કાંઇ ભગવાનના કહેવાથી ચઢાવતા નથી: પણ આપણી વાસના કે પૂજાની ઇચ્છાથી જ ચઢાવીએ છીએ, શણગાર તો શું પણ, મંદિરોની રચના પણ વધારે ભાગે આપણે

સ્વેચ્છાથી પ્રેરાઈને કરીએ છીએ. ત્યારે જે વસ્તુમાં આપણી મમતા છે, જે ભગવાનના કહ્યા કે માગ્યાવિના આપણે પોતાની મેળે જ કરીએ છીએ, તેની રક્ષાનું કામ પણ આપણું જ છે એ સમજવું સહ્દન સહેલું છે.

ભગવાનને તમે ઘરેણાં ચઢાવો તેથી તે ખુશ થતા નથી તેમ જ ના ચઢાવો તેથી તેમને શોક પણ નથી. સોનું, ચાંદી તેમ જ સુંદર વસ્ત્રો ને ધનની વાસના તો તમને છે, તેની કિંમત પણ તમારા પાર્થિવ ચક્ષુથી ને તમારે માટે છે. ઈશ્વરને માટે તેની કિંમત કંઈ જ નથી, તેના દરબારમાં તો શુદ્ધ રાગાત્મિકા ભક્તિનું જ મૂલ્ય છે. તેથી તમે ઘરેણાં જેવી વસ્તુઓ તેમની પાસે મૂકો કે તેમની પાસેથી લઈલો તેમાં તેમને મેળવવાનું કે ખોવાનું કશું જ નથી. લાભ કે નુકશાન તો તમને છે કેમ કે તે વસ્તુની મમતા ને આસક્તિથી તમે બંધાયેલા છો. તો પછી ચોરી માટે ભગવાનને દોષ દેવાનું રહે છે જ ક્યાં? ભગવાન કાંઈ આસક્તિ કે રાગદ્વેષવાળી વ્યક્તિ નથી કે ચોરને દંડ દેવા તૈયાર થઈ જાય. ચોરને દંડ તો તેના કર્મથી મળવાનો જ છે. કર્મનો નિયમ કામ કર્યા જ કરે છે એ આપણે ક્યાં નથી જાણતા?

ભગવાનની વાત જવા દઈએ ને મહાત્માઓ વિશે વિચાર કરીએ તોપણ આ વિશે જાણવાનું ઘણું છે. કેટલાક સારા મહાત્માઓ ચોરનો પ્રતિકાર કરે છે. પણ તેનું કારણ તેમની મમતા કે રાગદ્વેષ નથી હોતું પણ ચોરને ચોરીના દુષ્કર્મમાંથી પાછા વાળવાનું કે સુધારવાનું જ લક્ષ્ય હોય છે.

બાકી એક બીજી કોટિના મહાત્માઓ વિશે જાણવા જેવું છે. બદરીનાથમાં સિદ્ધ બાબા સુંદરનાથજી કરીને એક મહાત્મા હતા.



તે બિલકુલ નગ્ન રહેતા. કેટલાક ધની યાત્રાળુ તેમને ગરમશાલ ઓઢાડી જતા ને મોટી રકમની ભેટ આવે તે તેમની પાસે મૂકતા.

સુંદરનાથજી વધારે ભાગે સમાધિદશામાં રહેતા ને જાગૃતિમાં હોય તોપણ આ વસ્તુઓ જોઈને રાજી થતા નહિ અથવા તો મૂકનારને મના પણ ના કરતા. ત્યાં રહેતા પંડા એટલે તીર્થ-પુરોહિતો તે શાલ ને ભેટ વિનાપૂછ્યે લઈ જતા. આ વાત તેમને માટે સ્વાભાવિક થઈ હતી, ભેટનો માલ લેવામાં તે સંકોચ અનુભવતા નહિ.

સુંદરનાથજી પણ પંડાઓને કાંઈ જ કહેતા નહીં. કેમ કે તે પરિપૂર્ણ હતા. લોકો તેમની પાસે ભેટ મૂકે કે તેમની પાસેથી ભેટ લઈ લે તેમાં તેમને કોઈ જ હર્ષશોક ન હતો. તે સ્થૂલ વસ્તુની કિંમત તો બીજાને માટે હતી. પછી સુંદરનાથજી પેલા ભેટ લઈ જનારા માણસો સાથે ટંટો શું કામ કરે? તેમના જેવી સ્થિતિ ના હોય તેવા મહાત્માઓએ પ્રતિકાર કરવો જોઈએ, પણ સુંદરનાથજી જેવા મહાત્માઓનું વર્તન તો આ જ રહેશે, બીજા માણસોને આ વર્તનમાં ભૂલ લાગે તો તેમાં સુંદરનાથજીને ના સમજવાનું જ કારણ છે.

આ જ પ્રમાણે પૂર્ણકામ ઈશ્વરનું સમજવાનું છે. તેમને સમજીએ તો આપણા બધા જ સંદેહ ને ભ્રમ દૂર થઈ જાય છે ને દરેક દશામાં શ્રદ્ધા કાયમ રહે છે.

પણ આ માત્ર બુદ્ધિનો વિષય નથી. ભગવાન ને તેની ભક્તિને હૃદય સાથે વધારે સંબંધ છે. આ હૃદયને જાગ્રત કરીને ભગવાનના ભાવમાં તરબોળ બનો, ભગવાનની પાસે ને પાસે પહોંચવાનો પુરુષાર્થ કરો, એટલે તમે ભગવાનના રહસ્યને કૈંક

સમજી શકશો કે ભગવાન વિશે વાતો વિચારી શકશો. ભગવાન વિશે વિચારવાનો આ જ માર્ગ છે. પણ આ પરિપાટી આજે ભૂલાઇ ગઇ છે. એટલે સૌ મન ફાવે તેમ ભગવાન વિશે અભિપ્રાય આપવા માંડે છે, એટલે કે હવામાં વાણીના ગોળા ફેંકે છે.

જે વસ્તુનો માણસને બિલકુલ પરિચય નથી તે વિશે તે મૌન રાખે તે વધારે સારુ છે. આજે તો માણસ અહંતામમતામાં મસ્ત છે, રાગદ્વેષ ને સંસારના વિષયોમાં ગ્રસ્ત છે. ભગવાનની તરફ જવાને બદલે જીવનમાં તે ભગવાનથી ઊલટી જ દિશામાં જઇ રહ્યો છે. પછી ભગવાન વિશેની સાચી દૃષ્ટિ તેનામાં ક્યાંથી આવવાની હતી!

જે વિષયનું મને જ્ઞાન ન હોય તે વિશે બોલીને હું તે વિષયને અન્યાય કરી બેસું. આપણા સંબંધમાં પણ આવું થયું છે. આ રીતને સુધારવાની જરૂર છે. તો જ ભગવાન વિશે આપણે યથાર્થ માહિતી મેળવી શકીશું. તેથી ભગવાન પ્રત્યેની શ્રદ્ધા વધતી જશે. બાકી આપમેળે કરેલા વિચારના તરંગોથી ભ્રમિત થઇ ઈશ્વરપરની શ્રદ્ધા કે પૂજાની નિષ્ઠા ખોઇ બેસીશું, તો સરવાળામાં નુકસાન આપણને થવાનું છે. આવું દુઃશાહસ કરતાં પહેલાં હજારવાર વિચાર કરીએ, ધીરજ રાખીએ ને આધ્યાત્મિક માર્ગના પ્રવાસીની સલાહ લઇએ.

○

## * વ્યવહારશુદ્ધિ પણ જરૂરી છે. *

ધ્યાન કરનારે ધ્યાનની સાથે-સાથે બાહ્ય જીવનની વિશુદ્ધિનું પણ ધ્યાન રાખવાની જરૂર છે. તેના સિવાય ધ્યાનની સાધના શક્તિશાળી, સુખમય કે સફળ નહિ બની શકે. ધ્યાન વખતનો માનવ વ્યવહાર વખતના માનવથી તદ્દન જુદો ના હોવો જોઇએ. બંનેની વચ્ચે ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેટલું અંતર હશે તો ધારેલો હેતુ નહિ સરી શકે. સાધના કેવળ સાધના રહેશે અને જીવનનું પીઠબળ નહિ બને. એટલે સાધનામય તેમ જ વ્યાવહારિક જીવન વચ્ચેના ભેદભાવને મિટાવવો જોઇએ. જેમ-જેમ એ ભેદભાવ ઓછો થતો જશે તેમ-તેમ અસંતોષ અને અશાંતિની આગ પણ ઓલવાતી જશે. આજે તો પરિસ્થિતિ વિપરીત છે. માણસ ધ્યાન કરે છે, જપ કરે છે, પ્રાર્થનામાં બેસે છે, સત્સંગમાં લાભ લે છે, તીર્થોમાં ફરે છે, દેવમંદિરમાં ફરે છે કે રહે છે ત્યારે જુદો જ હોય છે. એમ થાય છે કે એના મનની બધી જ મલિનતા મટી ગઇ. પરંતુ એ બધાથી અલગ થઇને એ વ્યાવહારિક ક્ષેત્રમાં પ્રવેશ કરે છે ત્યારે અંદરની સુષુપ્ત આસુરી વૃત્તિ પોતાના સઘળાયે સંસ્કારો સાથે મેદાને પડે છે. એના જીવનનો આખો દેખાવ, આકાર કે અભિનય જ ફરી જાય છે. ઘડીભર તો જોનારાને એવું થાય છે કે આ માણસ એ જ છે કે કોઇ બીજો છે? એવા વિરોધાભાસી વિપરીત જીવનના મૂળમાં માનસિક નિર્બળતા હોય, આત્મજાગૃતિનો અભાવ હોય કે બીજું ગમે તે કારણ હોય પરંતુ તેનો અંત આણવો જ રહ્યો એટલું નિર્વિવાદ છે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

# * શાંતિ *

શાંતિ, પ્રસન્નતા, પરમાનંદ ભોગમાં નથી, યોગમાં છે. વિલાસમાં નથી, સંયમમાં છે. અનાત્મ પદાર્થોની આસક્તિમાં નથી, આત્માના અનુરાગમાં અને અનુસંધાનમાં છે. પરમાત્મામાં છે. યોગસાધનાથી એમની પ્રાપ્તિ થાય છે. એ આપણી અંદર જ છે. એમની આયાત ક્યાંય બહારથી નથી કરવાની. આત્મા સ્વયં શાંતિસ્વરૂપ છે. પરમાત્મા પ્રસન્નતા તથા પરમાનંદના પરમ પારાવાર છે. એમની પ્રત્યે અભિમુખ બનવાથી એમના અનુગ્રહથી મન પ્રસન્ન થાય છે. યોગીનું એક લક્ષણ એ હોય છે. એ સદા પ્રસન્ન રહે છે. અનુકૂળતામાં પણ પ્રસન્ન અને પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન. યોગસાધનાની સહાયતાથી જીવનમાં અશાંતિ અને વિષાદની નિવૃત્તિ થાય છે. માનવ મોટેભાગે વિષમતાઓથી વીંટળાયેલો છે. એની પોતાની અંદર પણ વિષમતા છે. અનેક વિચારો, ભાવો, ઊર્મિઓની વચ્ચે એના મનની સ્વસ્થતા, સ્થિરતા, સમતા તથા શાંતિ અદૃશ્ય થઈ ગઈ છે. યોગ એ મનને સમતાથી સંપન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. કર્મનું સાચું કૌશલ્ય અહંતા, મમતા, આસક્તિમાંથી મુક્તિ મેળવવામાં, પરમાત્માનું અનુસંધાન સાધવામાં, પરમાત્મમય બનવામાં રહેલું છે. આ કૌશલથી વિવિધ પ્રકારના વિરોધાભાસોની વચ્ચે પણ સ્વસ્થ ને શાંત રહી શકાય છે. કર્મો કરવામાં આવે છે ખરાં પરંતુ કર્મોની અસરોથી અલિપ્ત રહેવાય છે. કર્મોને કરવા છતાં પણ બુદ્ધિનો પરમાત્મા સાથેનો સંયોગ સદા સધાયેલો રહે છે. એને લીધે બુદ્ધિ અને અંતરાત્મા પરમાત્માથી પ્રેરિત થઈને આગળ વધે છે અથવા અનુપ્રાણિત બને છે. પ્રકૃતિનું પરિપૂર્ણ પરિવર્તન સધાતા પ્રકૃતિ પરમાત્મામય બની જાય છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.